Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

श्री

# જૈનધર્મ પ્રકાશ.

लक्ष्मीर्कीर्तिविवेकसंगसमयी श्रद्धामयं मानसं ।
धर्मः शीलदयामयः सुचरितश्रेणीमय जीवितं ॥
बुद्धिः शास्त्रमयी सुधारसमयं वाग्वैभवोज्जृंभितं ।
व्यापारश्च परार्थनिर्मितिमयः पुण्यैः परं प्राप्यते ॥

પુસ્તક ૩૫ મું ] અષાડ-સંવત ૧૯૭૫. વીર સંવત ૨૪૪૫. [ અંક ૪ થો.

પ્રગટકર્તા,
શ્રી જૈન ધર્મ પ્રસારક સભા—ભાવનગર.

अनुक्रमणिका.


| | | |
|---|---|---|
| ૧ | શ્રી ઉપદેશ સપ્તતિકા—અનુવાદ. | ૯૯ |
| ૨ | આપણી પડતી. ... ... | ૧૦૦ |
| ૩ | અસાર વર્ણન. ... ... | ૧૦૧ |
| ૪ | એક વિદ્વાનના ભાષણની સમાલોચના. | ૧૦૨ |
| ૫ | મુખપૃષ્ટ પર મૂકેલા શ્લોકનું વિવેચન. | ૧૧૦ |
| ૬ | શુ. દિ. ને વ. દિ. ની સમજ.... | ૧૧૫ |
| ૭ | ધર્મસર્વ. ... ... | ૧૧૭ |
| ૮ | શ્રી નવકારમંત્રના માહાત્મ્યોપરિ કમલાવતીની કથા. ... ... | ૧૧૯ |
| ૯ | સૂક્તમુક્તાવલી. ... ... | ૧૨૧ |
| ૧૦ | પ્રભુ પ્રાર્થના પદ્ય ... ... | ૧૨૩ |
| ૧૧ | સ્ફુટ નોંધ અને ચર્ચા. ... | ૧૨૪ |


વાર્ષિક મૂલ્ય રૂા. ૧) પોસ્ટેજ રૂ. ૦-૪-૦.
ભેટના પોસ્ટેજ સહિત.

REGISTERED No. B. 156

ભાવનગર ધી આનંદ પ્રીન્ટીંગ પ્રેસમાં શા. ગુલાબચંદ લલ્લુભાઇએ છાપ્યું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## ભાવનગર પાંજરાપોળ માટે મુનીમ ને વહીવટદાર.

આ બે જગ્યા ખાલી પડવાથી તેને માટે ગુજરાતી ને પ્રજામિત્રમાં જાહેર ખબર મૂકવાથી ઘણી અરજીઓ આવેલી છે. તે જગ્યા હાલ પૂરવામાં આવી છે, છતાં જરૂર જણાશે તો આવેલી અરજીઓ કમીટી પાસે મૂકી તેમાં પસાર થશે તેને બોલાવવા ખબર આપવામાં આવશે. દરેકને પત્ર લખીને જૂદી જૂદી તેની અરજીની પહોંચ કે પરિણામ જણાવવામાં આવશે નહીં.

કુંવરજી આણંદજી.
ભા. પાં. ક. ના સેક્રેટરી.

---

## જૈન ધર્મ પ્રકાશના ગ્રાહકોને સૂચના.

પોતાને કોઈ અંક પહોંચ્યો ન હોય તો તે સંબંધી અથવા બીજી કોઈ પણ બાબત સભા તરફ લખવું હોય તો તેના માસીક ઉપર આવતો નંબર જરૂર લખવો. લવાજમ મોકલતાં પણ નંબર જરૂર લખવો.

તંત્રી.

---

## રત્નાકર પચ્ચીશી.

અનુવાદ—રહસ્ય સાથે. (આવૃત્તિ બીજી).

જૈન [illegible] ફંડમાંથી આ બુકની બીજી આવૃત્તિ છપાવીને બહાર પાડવામાં આવી છે. તેમાંથી થોડી નકલો વેચાણ આપવાનું ખાસ ભેટ ન મળે તેમને લાભ મળવા માટે રાખ્યું છે. સંસ્થાઓને સામાન્ય પ્રમાણમાં જરૂર પુરતી નકલ ભેટ આપવામાં આવશે. પોસ્ટેજ તેમણે મોકલવું પડશે અથવા પોસ્ટેજ પુરતું વેલ્યુ૦ કરવામાં આવશે. પોસ્ટેજ મોકલ્યા શિવાય બુક ભેટ મોકલવા માટે લખનારના પત્ર પર ધ્યાન આપવામાં આવશે નહીં. વેચવાની કિંમત એક આનો. ટપાલ ખર્ચ અડધો આનો.

---

## શ્રી અધ્યાત્મ કલ્પદ્રુમ ભાષાંતર.

(બીજી આવૃત્તિ).

આ આવૃત્તિની બુકો બંધાવવામાં અને અહીં સંગ્રહવામાં ખર્ચ વધારે થવાથી તેની કિંમત રૂ. ૧॥ નો રૂ. ૧॥ રાખવામાં આવી છે. નકલો પણ બહુ જ થોડી શીલક હોવાથી વધારે વખત રહી શકવા સંભવ નથી. પોસ્ટેજ ત્રણ આના લાગે છે.

તંત્રી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# श्री जैन धर्म प्रकाश.

वांच्छा सज्जनसंगमे परगुणे प्रीतिर्गुरौ नम्रता ।
विद्यायां व्यसनं स्वयोषिति रतिर्लोकापवादाद्भयं ॥
भक्तिश्चार्हति शक्तिरात्मदमने संसर्गमुक्तिः खले ।
येष्वेते निवसंति निर्मलगुणास्तैरेव भूर्भूषिता ॥ १ ॥

પુસ્તક ૩૫ મું.] અષાઢ સંવત ૧૯૭૫. વીર સંવત-૨૪૪૫. [અંક ૪ થો.

## श्री उपदेश सप्ततिका–अनुवाद.

( લેખક:—જૈન યાચક ગીરધર હેમચંદ. )

### હરિગીત.

( અનુસંધાન પૃષ્ઠ ૬૬ થી. )

પુષ્ટી કરે જે પાપની ને અગ્નિ જેવો આકરો,
એવો લગારે ચિત્તમાંહી રોષ દોષ ન આદરો;
તે ક્રોધ સુકૃત જળ સુકાવે પુન્ય ક્ષય તેથી થતું,
સુખ શાન્તિનું કહીં પણ સ્વપર કોઇને ન એથી ઉપજતું. ૬૩
મદ શત્રુ તે મુનિઓ મહા જેને સદા ધિક્કારતા,
તે માન મન નહિ લાવવો જ વિવેકધર્મ વિસારવા;
એથી બને જ્ઞાની વિકળ વિપરીત ભાવ ઘણો ભજે,
સ્વચ્છંદી સ્વપર ખુવારી અતિ કરતાં નિડર થાતો પછે. ૬૪
માયા મુમુક્ષુ જનતણા મનમાં ન ધર કરી વશી શકે,
એ દુષ્ટ માયા ડંખ તજીએ સર્વથા ભલી આ તકે;
એ અપરમાત[1] સમાન માયા ફસાવે જન સર્વને,
દુઃખ ક્લેશકારી ત્યજો તે આત્માર્થી ધરિ ઋજુતા મને. ૬૫
જેનાવડે સ્વકુટુંબ સંપ ત્યજી વિરોધી થવાય છે,
વળી રાજ્ય ને ધન એકઠું કરવા મતિ લોભાય છે;

૧ ઓરમાન માતા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જેથી વધે છે મોહ તેમજ પાપતરૂ અંકુર છે,
તે વિષમ વેશ જ દૂર તજવો સંતને એ ઉચિત છે. ૩૬
જે વચન સાંભળીને બીજાને દુઃખ પરિણામે થતું,
એવું કહુક તીખું વચન ન જ બોલવું કર ઉચિત તું;
વળી આ અને પરલોક હિતાય વિરૂદ્ધ કાર્ય ગણાય જે,
વ્યભિચાર ચોરી આદિ કદિ ન કરે ભલો જન થાય તે. ૩૭
સ્વદ્રવ્ય સ્થિતિ અનુસાર વસ્ત્રાદિ સુવેશ જ રાખવો,
પર ઘેર વિણુ પ્રસ્તાવ ન જ પેસવું વિવેક વસાવવો;
સજ્જન તથા દુર્જનતણું અંતર હૃદયમાં સમજવું,
પણ લેશ માત્ર ન દોષ બોલી અનાકુળ ચિત રાખવું. ૩૮
ગુરૂ જ્ઞાનદાતાની હૃદયમાં ભક્તિ ધરીને વિનયથી,
બહુ માન કરી તત્ત્વજ્ઞ મુનિએ લેવું જ્ઞાન સુશાસ્ત્રથી;
તે અર્થ પરમાર્થે સ્વમતિએ મનન કરી સુવિચારવો,
વળી ક્ષમાદિક દશવિધ યતિધર્મે સ્વભાવ સુધારવો. ૩૯
હસવું ન રાચવું સોચવું ભય શોક સૂગ ન ચઢાવવી,
દિલ દયા રાખી સત્ય શીલ અસંગતા અતિ રાખવી;
સજી રાત્રિ ભોજન મદ્ય વિષય કષાય વિકથા ઊંઘ એ,
અપ્રમાદી થઇ દાનાદિ પાંચ સ્વવિઘ્ન ટાળો દૂર એ. ૪૦
સાધર્મિ બંધુઓ પ્રતે બહુ માનથી ભક્તિ કરો,
અન્નાદિ ઉચિત જરૂર આપવું ગાન મમતા પરિહરો;
અનિદાન ને નિષ્કામ કરવો ધર્મ નિઃસ્વાર્થી બની,
દાનાદિ કૃત્યો જિનાજ્ઞાથી થાય પ્રાપ્તિ પુન્યની. ૪૧
સહુ જીવની સાચી દયા એ પરમ ધર્મ અતિ ભલો,
જેથી વિનાશ જ જીવનો એ અધર્મ પરમ નહિ ભલો;
સમજી હૃદયમાં સાર આત્મોન્નતિ વધે એવું કરો,
કારણ કુડા પરિણામથી જીવઘાત જરૂર પરિહરો. ૪૨

સંપૂર્ણ.

## આપવી પડશે.

( લલિત છંદ. )

હિત દેશનું દીલ નવ ધર્યું, વીરજનનું શુભ નવ કર્યું;
સહાય દીનને ના કરી જરી, ખરી આપણે આપવી પડશે ફરી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



લેશ આપણો સ્વાર્થ નો સર્યો, અતુલ ક્લેશ તો દેશને કર્યો;
ધર્મ તત્વના મૂળ ના ધરી, પડતી આપણી આપણે કરી. ૨
દુ:ખી જનોતણાં દુ:ખ ટાળવા, વળી અનાથ સૌ બાળ પાળવા;
હોંશથી નહિ પાઇ વાપરી, પડતી આપણી આપણે કરી. ૩
શિશુપણે નહિ ભાવથી ભણ્યા, નવ યુવાનીમાં અર્થને લણ્યા;
તૃષ્ણાદેવીને નવ કરી પરી, પડતી આપણી આપણે કરી. ૪

**અમીચંદ કરશનજી શેઠ—વીશળ હડમતીયા.**

# अमारुं वर्णन.

( લેખક:—શાહ ભીખાભાઇ છગનલાલ. )

**રાગ-ગઝલબત્.**

અમારા દેશમાં આવ્યું, પીણું ને ખાણું પશ્ચિમનું[1],
અમારા દેશમાં આવ્યું, ધીંગાણું ગાણું પશ્ચિમનું;
અમારા દેશમાં આવ્યા, રિવાજો રૌદ્ર પશ્ચિમના,
અમારા દેશમાં આજે, અવાજો આર્ત્ત પશ્ચિમના. ૧
અમારૂં ચિત્ત ચોરાણું, અમારી વાણી પલટાણી,
અમારી કાય કરમાણી, રૂડો પશ્ચિમનો લ્હાવો;
અમારો કાર્યક્રમ જુદો, થયો પશ્ચિમથી કૂડો,
અમારા બ્રહ્મમય જ્ઞાને, કર્યો ત્યાં વાસ ભ્રમજ્ઞાને. ૨
પ્રથમ તો જાગતા વ્હેલા, હવે છો ને પ્રહર વેળા,
પ્રથમ તો પોરસી કરતા, હવે નહિ એ હૃદય ધરતા;
પ્રથમ પૌષધ ને સામાયિક, ગણી ઔષધ કરંતા ઠીક,
હવે તો ભાલભલા કે'છે, બધું હમ્બગ ન માનો એ. ૩
હવે ઉપયોગ જયણા ને, સમજીએ નાહિ વિરતિમાં,
હમારી જીંદગી જુદી, થઇ પશ્ચિમથી રૂડી;
અમારે દેવદર્શન તો, કદાપિ લોકલજ્જાથી,
થતું બસ કાર્ય ત્યાં ક્ષણમાં, કપાલે ટીપકી કણમાં. ૪
અમારે ટાઇમ ના ફાજલ, જવા વ્યાખ્યાન કો કાળે,
અમોને કેમ એ રૂચે, અમારા માર્ગમાં ખુંચે;
પુરાણું શાસ્ત્ર ફરમાવે, દીઓને દાન પણ ક્યાંથી,
કહો હઠએ કહો હઠગો, અમારે શિર દેવું છે.

1. પશ્ચિમ અને પૂર્વનો તફાવત=આરત કરનાર પ્રવૃત્તિ તથા હૃદય કરનાર પ્રવૃત્તિ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વધી છે બહુ જરૂરિયાતો, છતે વરસાદ દુષ્કાળો,
અમારા દેશમાં આજે, જમાનાનો ગણું ફાળો;
પ્રથમ અમ દેશમાં કોડી, ખરચતા અર્થ નહિ કો દી,
હવે જ્યમ નીરનાં નાળાં, દઇ સન્માર્ગમાં તાળાં. ૬
પ્રથમ અમ ઉત્સવે થાતા, મહામંગળતણાં કામો,
અહિંના નાયિકા નાચે, હમારી હામ ને હામો;
નહિ ત્યાં દ્રવ્યની ખામી, ક્યાં છે બંધ દ્વારો ત્યાં,
કહો પરમાર્થ જોને ત્યાં, વળી અમ શોખ નહિ જ્યાં ત્યાં. ૭
કહે નવ વાડ શીલ પાળો, કહોને પાઠ એ કેવી,
કહે આર્ય નિતાકારી, સજા શા કારણે સેવી;
કરો તપ ભાવના ભાવો, બધું એ સાધુ સંતોને,
અમારે શિદને જોવા, કહો એ સૂક્ષ્મ તંતોને. ૮

( અપૂર્ણ. )

# એક વિદ્વાનના ભાષણની સમાલોચના.

મુંબઈમાં પ્રગટ થતા જૈન શીક્ષણ નામના માસિકનો ડીસેમ્બર જાન્યુઆરીન એકઠો અંક હાલમાં અમારા હાથમાં આવતાં તેની અંદર તેના તંત્રીએ "જૈન અ ગેવાનો ! હો-આ ભાષણ તમારા માટે છે." આ મથાળા નીચે પંડિત બેચ રદાસ જીવરાજે તા૦ ૨૧ જાનેવારીની રાત્રે શે. મોતીચંદ ગીરધરલાલ કાપડીઆના પ્રમુખપણા નીચે માંગરોળ જૈન સભાના હોલમાં ભાષણ આપેલું પ્રકટ કર્યું છે. આરંભમાં તંત્રીએ ખુદ તે ભાષણની કેટલીક સમાલોચના કરી છે તે સંબંધમાં અમારે બોલવાની આવશ્યકતા નથી. અમારે તો એ વિદ્વાન્ ગણાત ભાષણકર્ત્તાએ પોતાના ભાષણની અંદર એટલી બધી જૈનશાસ્ત્ર ને શૈલી વિરૂદ્ધ હકીકતો જાહેર કરી છે કે તેને માટે અન્ય વાંચનારાઓ ભુલાવો ન ખાય અને જૈન સમુદાયમાં ખોટી માન્યતા પ્રવેશ કરવા ન પામે તેટલા માટે લખવાની આવશ્યકતા છે.

જો કે તંત્રીસહાશયે પણ જૈન શાસ્ત્રમાં આપેલી કથાઓમાંની ૯૫ ટકા શાસ્ત્રો કેવળ કલ્પિત છે એમ ભાષણકર્ત્તા પંડિતજીએ કહેલ શબ્દોને સિદ્ધાંતકાર શબ્દો કરતાં પણ વધારે સત્ય ને દઢ માની તે સંબંધમાં લખ્યું છે કે-આવી શાસ્ત્રોના સંબંધમાં કોઈ સાધુઓ તે સાહિત્યની સત્યતા સામે ચેલેંજ ફેંકી જ નથી. જાહેર હિમ્મત આપણા પૂજ્ય આચાર્યો અને વિદ્વાન

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સાધુઓમાં આટલી બધી ન્યૂન કેમ છે તે કાંઇ સમજાતું નથી. સત્ય વસ્તુ સત્ય આકારમાં પ્રતિપાદન કરવામાં તેઓ શામાટે ડરતા-ગભરાતા હશે.” આ પ્રમાણેના લખાણથી એટલું તો સિદ્ધ થાય છે કે આજ સુધી કોઈ પણ આચાર્યોએ કે વિદ્વાન્ સાધુઓએ આપણી કથાઓના મોટા ભાગને કલ્પિત કહેવાની હિમ્મત કરી નથી અને તેવી કથા લખનારને ચેલેંજ કરી નથી. ત્યારે હવે તે જાહેર હિમ્મતની ન્યૂનતાનું પરિણામ છે કે તે કથાભાગ તેમને કલ્પિત ન લાગવાનું પરિણામ છે ? તેજ વિચારવાનું રહે છે. શું આજ સુધીના તમામ આચાર્યો ને મુનિરાજને સત્ય વાતને સત્ય કહેવાની હિમ્મત વિનાના એટલે અસત્ય વાત પણ ચાલવા દેનારા સમજવા એ બરોબર છે ? શું તેઓ બધા સત્યવક્તા નહોતા ? નીડર નહોતા ? પાપભીરૂ નહોતા ? આ તમામ કથાવિભાગને એટલે કે ૯૫ ટકા કથાઓને કલ્પિત કહેનારા પહેલા આ બેચરદાસજી-અદ્વિતીય વિદ્વાન નિકળ્યા ? તેઓને જ ખરા હિમ્મતવાળા ને નીડર માનવા ? અમે એમ માની શકીએ કે મનાવી શકીએ તેમ નથી. અમે પૂર્વપુરૂષો પ્રત્યે પૂરૂં માન ધરાવીએ છીએ. તેઓ સત્યવક્તા હતા અને કિંચિત્ પણ અસત્ય ચાલવા ન દેય એવા સત્યપ્રિય તેમજ નીડર હતા એવી અમને પૂર્ણ ખાત્રી છે. અમારા તરતમાં થઇ ગયેલા સર્વમાન્ય પૂજ્ય પુરૂષો શ્રીમાન્ વૃદ્ધિચંદ્રજી મહારાજ અને શ્રીમદ્ આત્મારામજી મહારાજ વિગેરે યુગપ્રધાન જેવા મુનીશ્વરો પણ એમજ કહેતા આવ્યા છે. અત્યારે પણ આપણા બેચરદાસભાઇ કરતાં વધારે શાસ્ત્રોનું અવગાહન કરેલા વિદ્વાન્ મુનિરાજો આપણા ભાગ્યે વિદ્યમાન છે તેઓ પણ એજ પ્રમાણે કહે છે. એટલે એક પંડિત તરીકે ઓળખાતી વ્યક્તિના શબ્દને માન આપી એ સર્વ પૂજ્યપુરૂષોનું અપમાન કરવાને અને તેમને સત્યવક્તાની પંક્તિથી દૂર રાખવાને અમે તૈયાર નથી.

આપણા કથાસમુદાયને શાસ્ત્રકારે સિદ્ધાંતોના ચાર વિભાગો પાડી ધર્મકથાનુયોગમાં દાખલ કરી મોટું માન આપેલું છે. સિદ્ધાંતો-આગમોમાં પણ જ્ઞાતાધર્મકથા, ઉપાસગદશાંગ, અનુત્તરોવાઈ, અંતગડદશાંગ, વિપાક, અને ઉત્તરાધ્યયનાદિ આગમો કથાઓવડેજ ભરેલા છે. જૈનકથાસાહિત્ય પૈકી ૯૫ ટકાને કલ્પિત કહેવાથી એ આગમોના પ્રણેતાઓનું પણ આપણે અપમાન કરીએ છીએ. ત્યાર પછીના પંચાંગીકારો અને ગ્રંથકારો કે જે ગ્રંથકારોને સિદ્ધાંતકારોની સમાન કોટીમાં મૂકેલા છે, જેમાંના કેટલાક ગ્રંથો તો સ્વતંત્ર લેખ નથી પરંતુ સિદ્ધાંતોના અને પૂર્વોના પણ નીઝરણા રૂપ છે, તેને આગમોની તુલ્ય ગણવા યોગ્ય છે, માત્ર આગમોમાં કહેલી સંક્ષિપ્ત હકીકતને, તેઓ તેનો પૂર્ણ આશય સમજનારા હોવાથી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વિસ્તારમાં પ્રગટ કરીને તેમણે આપણી ઉપર અનહદ ઉપકાર કર્યો છે. જો ગ્રંથો બનાવ્યા ન હોત તો આપણે અત્યારે જે જ્ઞાન મેળવી શકીએ છીએ તે પણ રીતે મેળવી શકત નહીં.

કથાઓના ૯૫ ટકાને કલ્પિત કહેવાથી તો કળિકાળ સર્વજ્ઞ કહેવાતા હેમચંદ્રાચાર્ય મહારાજ કે જેમણે શ્રી ત્રિષષ્ટિશલાકાપુરૂષ ચરિત્ર ના કથાનુયોગનો ૩૫૦૦૦ શ્લોક પ્રમાણ ગ્રંથ રચેલ છે, તેઓ પણ કલ્પિત કથાકારની કોટીમાં આવી જાય છે. આવી રીતે અનેક મહાપુરૂષોને કલ્પિત કથાકારો અને ત્યાર પછીના અનેક પૂજ્યપુરૂષોને કથાઓને કલ્પિત જાણ્યા છતાં કહેનારા–તેને અસત્ય કહેવાની જાહેર હિમ્મત નહીં ધરાવનારા માનવા એ પણ રીતે અમને યોગ્ય લાગતું નથી.

કલ્પિત કથાઓની વાનકી તરીકે એક કથામાંથી ઇંટની હકીકત મ આખા કથાનુયોગને તેવી પંક્તિમાં મૂક્યો અને સિદ્ધાંતો વિગેરેમાં કહેલી ક ઓમાંના ૯૫ ટકાને પણ તેવી કલ્પિત ઠરાવવી એ કોઈ પણ સુજ્ઞ સ્વી શકે તેમ નથી. પંડિતજીએ લખેલા શબ્દો પણ કોઇ કથામાં નથી અને તે તેનું સ્થળ બતાવી શક્યા નથી. ( જુઓ ગત અંકમાં પ્રશ્નોત્તર. ) આટલી હકી પંડિતજીએ ભાષણમાં આપેલા કથાવિભાગ સંબંધી અભિપ્રાયને અંગે લ હવે તેમના ભાષણમાં કહેલા બીજા વિષયો સંબંધે લખવામાં આવે છે.

દેવદ્રવ્ય એ શબ્દજ તેમને વિચિત્ર લાગ્યો છે. તેનો અર્થજ તેમને લાગ્યો નથી. સંબોધસત્તરીમાં આપેલી દેવદ્રવ્ય સંબંધી ચારે ગાથાઓને ઘુસાડી દીધેલી માને છે. ત્યારે આ સિદ્ધાંતઉદ્ધરિત ગ્રંથના વિદ્વાન ટીકાકાર પૂર્ણ સત્ય માને છે. અમે એ બેની વચ્ચે પરીક્ષક થવું પસંદ કરતા નથી આ સમુદાયના વિચક્ષણ પુરૂષોનેજ તે કામ સોંપીએ છીએ. દેવદ્રવ્ય એટલે ' દેવ મૂર્તિના અને તેમના ચૈત્યના સંબંધમાં વાપરવા માટે નિર્માણ કરેલું દ્રવ્ય. ' અર્થ કઈ રીતે અઘટિત છે તે સમજાવવાની કૃપા પંડિતજી કરશે તો આ માનશું. હાલના રાજ્યકર્તા કે જેઓ ધર્મશાસ્ત્રને બાજુપર રાખી માત્ર ન્યાય ને આગળ કરીને ઇનસાફ આપે છે, તેઓ પણ આ અર્થને સ્વીકારે છે અને અનુસરી ઇનસાફ આપે છે. ઘણા વર્ષ અગાઉ ડાકોરજીમાં આવેલા રણછોડજીના હિરના દ્રવ્યમાંથી તેના પૂજારીઓના છોકરાઓને ભણાવવા માટે નીશાળ કાઢવામાં પરેલા દ્રવ્યને નિમિત્તે ઉભા થયેલા કેસમાં છેવટ પ્રીવી કાઉન્સીલે ફેસલો આપ્યો કે–દેવનિમિત્તે નિર્માણ કરેલ દ્રવ્ય તેના ટ્રસ્ટીઓ અન્ય કાર્યમાં વાપરી શકતા ન અને જેણે એવી રીતે ટ્રસ્ટી તરીકે ગેરઉપયોગ કર્યો હોય તેણે પોતાના પદરથી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ી આપવું.' આ હકીકત ધ્યાનમાં લેવાથી આપણી ઉછરતી પ્રજામાં હાલમાં ફેલી રહેલા વિચારો ઉપર કાંઇક અંકુશ આવશે એમ અમારૂં માનવું થાય છે. રહુ મીટીંગના પ્રમુખસાહેબે પણ એ પ્રમાણેનોજ પોતાનો અભિપ્રાય પ્રકટ ર્યો છે.

આ સંબંધમાં પોતાના ભાષણમાં બોલતાં પંડિતજી કહે છે કે-' આ દ્રવ્ય પ્રભુ કમાવા ગયા નહોતા !' આમ કહેવું ઘટિત છે ? શું કોઇ પણ વ્યક્તિ કે મુદાય એમ કહે છે કે-'આ પ્રભુનું કમાયેલું દ્રવ્ય છે ?' આવી રીતે શબ્દરચના રી વાંચનારને ખોટું લગાડવું-લોકોના દિલપર ખોટી અસર કરવી તે કોઇ પણ ે યોગ્ય નથી. છેવટે પંડિતજી કહે છે કે-' આ દેવદ્રવ્ય શાસ્ત્રવિરૂદ્ધ છે એમ હું તી ઠોકીને કહું છું.' હવે કાંઈ બાકી રહેતું નથી. જ્યારે પંડિતજી છાતી ઠોકીને ે ત્યારે તેમ ઠરવુંજ જોઈએ; પણ દિલગિરી એટલી છે કે તેનો પ્રત્યાઘાત કાંઈ ો નહીં અને કોઇ પણ ગામના સંઘસમુદાયે એ વાત સ્વીકારી તેમને ઉત્તેજન ્યું નહીં.

પંડિતજી પોતાના ભાષણમાં કહે છે-" અગાઉ દહેરાંઓ જંગલોમાં અને ર ઉપરજ હતા, અને દહેરાંઓને દરવાજા હતાજ નહીં." આ બંને વાક્યો બહુ ારવાં જેવાં છે. ' સંપ્રતિરાજાએ ૩૬૦૦૦ ચૈત્યો નવા કરાવ્યા ને ૮૯૦૦૦ નો ર્ણોદ્ધાર કરાવ્યો. સર્વ ગામ ને શહેરો જિનચૈત્યથી મંડિત કરી દીધા. કોઇ મ કે શહેર ખાલી રાખ્યું નહીં.' આ પ્રમાણે લખાયેલી હકીકત સાચી કે પંડિ- જી કહે છે તે સાચું ? કેમકે હજારો જિનમંદિરો અત્યારે જીર્ણ સ્થિતિવાળા એ પડે છે કે જે ત્યાં પૂર્વે મોટા શહેરો હતા તેની સાક્ષી પૂરે છે. રાણકપુરનું મંદિર પણ તે એક મોટા શહેરની મધ્યમાં હતું એમ બતાવી આપે છે. અન્ય તો પણ પ્રત્યક્ષ પુરાવા તરીકે જેટલા જોઈએ તેટલા વિદ્યમાન છે. કેટલાક શહે- ના વર્ણનમાં તો પ્રત્યેક જૈનનું ગૃહ ગૃહચૈત્યવાળું હતું એમ આવે છે. વળી જિન- વિધિમાં પણ પ્રથમ પોતાના ગૃહચૈત્યમાં પૂજન કરીને પછી નગરની અંદરના સર્વ- ધારણ ચૈત્યમાં પૂજા કરવા જાય એવો ઉલ્લેખ છે. આ બધું શું કલ્પિત છે અને ડિતજી કહે છે તેજ સત્ય છે ? વળી જિનમંદિરને દરવાજા નહોતા એ શું શીલ્પ- ને આધારે પંડિતજી કહે છે કે કોઇ જિનમંદિરનો પ્રાચીન હીસાબ તેમના ામાં આવ્યો છે કે જેમાં બારણાનો ખર્ચ લખેલો નથી ? અમે તો એમ ખાત્રી- ક કહી શકીએ છીએ કે દરેક મંદિર બારણાવાળાં હતાં, કારણકે મંદિર બનાવ્યું ે બારણાની અપેક્ષા રહેજ છે. આભૂષણાદિક જાળવવા માટેની વાત તો બાજુ ી રહો પણ અનેક દેવમૂર્તિઓ રત્ન, મૌક્તિક, માણિક્ય, પ્રવાળ, નીલમ, સ્ફટીક

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વિગેરે કિંમતી વસ્તુઓની બનાવેલી હતી. જેને માટે અત્યારે પ્રત્યક્ષ દાખલો શ્રી સ્થંભનપાર્શ્વનાથની મૂર્તિનો છે કે જે નીલમની છે અને જેની શ્રીમાન્ અભયદેવસૂરિ મહારાજ નવાંગવૃત્તિકારે ભક્તિ કરેલી છે. એટલે દ્વારની અપેક્ષા તે જિનમંદિરને છેજ. જિનમંદિર બારણા વિનાના હતા તે કોઇ રીતે માની શકાતું નથી.

શ્વેતાંબર અને દિગંબર મૂર્ત્તિઓના સંબંધમાં બોલતાં પંડિતજી કહે છે કે–" તેઓએ ( બંને પક્ષવાળાઓએ ) મૂર્ત્તિઓ વહેંચી લેવા માંડી, એટલે પાછળથી મૂર્ત્તિઓ એકબીજાની ઓળખાય તે માટે નિશાનીઓ કરવા માંડી. " આ હકીકત પણ તેમની કલ્પનામાંથી જ ઉદ્દભવેલી જણાય છે. જૈનમૂર્ત્તિઓ પુરૂષચિન્હ દેખાય એવી આકૃતિવાળી પૂર્વે થતીજ નહીં, કચ્છોટવાળી મૂર્ત્તિઓજ પદ્માસનવાળી કે કાયોત્સર્ગ મુદ્રાવાળી કરવામાં આવતી હતી. આજે દૃષ્ટિએ પડતી તમામ મૂર્ત્તિઓ તેવા આકારવાળી છે. કોઇપણ પ્રાચીન મૂર્ત્તિ કચ્છોટ વિનાની નથી. માત્ર દિગંબરીઓએ પુરૂષચિન્હ દેખાય તેવી બંને આકારની મૂર્ત્તિઓ પાછળથી કરાવેલી છે.

આગળ ચાલતાં આગમો સાંભળી શકાય પણ વાંચી શકાય નહીં. એ વિષયમાં બોલતાં પંડિતજીએ વગર આજ્ઞાએ આગમો વાંચેલા હોવાથી પોતાનો બચાવ કરવા માટે બહુ વિચિત્ર વાતો કહી છે અને તદ્દન અસંભાવ્ય યુક્તિઓ બતાવી છે. તેઓ કહે છે કે–' કમનશીબે હાલમાં સાધુઓ એમ કહે છે કે આગમો શ્રાવકો વાંચી શકે નહીં. ' આ કમનશીબીનો ઉદય તે તેમના કહેવા પ્રમાણે હમણા જ થયો છે કે પ્રાચીન કાળથી શ્રાવકોને આગમો વાંચવા માટે યોગ્યતા ગણવામાં આવી નથી ? તે વિચારીએ અને તેને માટે શાસ્ત્રના આધાર તરફ દૃષ્ટિ કરીએ.

આ સભા તરફથી છપાઇને બહાર પડેલ સમ્યક્ત્વશલ્યોદ્ધાર ગ્રંથ કે જે મુળ કૃતિ આધુનિક વિદ્વાનોમાં પ્રથમ પંક્તિએ મૂકવા લાયક શ્રીમદ્ આત્મારામજી મહારાજની છે અને તેને શ્રીમદ્ બુદ્ધિચંદજી મહારાજે પલ્લવિત કરેલ છે, તેની અંદર આખું પ્રકરણ ખાસ આ બાબતનું છે. તેમાં અનેક સૂત્રોની સાક્ષીઓ આપીને શ્રાવકને સૂત્ર વાંચવાનો નિષેધ છે એ હકીકત પ્રતિપાદન કરેલી છે. તે ત્યાંથી વાંચી લેવાનું સૂચવીએ છીએ. તેમાંથી માત્ર એકજ આધાર અહીં બતાવીએ છીએ કે શ્રી વ્યવહારસૂત્રના મૂળમાં કહ્યું છે કે–' ત્રણ વર્ષના દીક્ષા પર્યાયવાળા સાધુને આચારપ્રકલ્પ એટલે નિશીથ ભણવું કલ્પે. ' અહીંથી ' યાવત્ ૨૦ વર્ષના દીક્ષા પર્યાયવાળા સાધુ સર્વ સૂત્ર ભણી શકે ' એમ કહ્યું છે. હવે શ્રાવક દીક્ષાપર્યાય

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ક્યાંથી લાવશે અને શી રીતે વાંચશે કે ભણશે ? વળી **શ્રી નિશીથ સૂત્ર**માં ગૃહસ્થને સૂત્રની વાંચના આપનાર સાધુ માટે પ્રાયશ્ચિત્ત બતાવેલું છે, **શ્રી પ્રશ્ન વ્યાકરણ**ના બીજા સંવરદ્વારમાં સ્પષ્ટ કહ્યું છે કે–'ભગવંત વીતરાગે સાધુ સત્ય વચન જાણે અને ભાખે તે માટે સિદ્ધાંત તેઓને દીધું અને દેવેંદ્ર તથા નરેંદ્રને ( મનુષ્ય તથા દેવને ) સિદ્ધાંતનો અર્થ સાંભળીને સત્ય વચન ભાખે એટલા માટે અર્થ દીધો.' ઇત્યાદિ અનેક શાસ્ત્રના આધારો બતાવેલા છે. **શ્રી આવશ્યક સૂત્ર**માં શ્રાવકને દશવૈકાલિકના ૪ અધ્યયન સુધી ભણવાની આજ્ઞા આપેલી છે. ઉપરાંતનો નિષેધ છે.

શ્રી આવશ્યકસૂત્રમાં આગમો પ્રાકૃતમાં લખવાનું કારણ બાળકો, મુર્ખો અને સ્ત્રીઓ સહેલાઈથી સમજી શકે એ બતાવ્યું છે એમ પંડિતજી કહે છે તે બરાબર છે; પરંતુ તે કથન ઉપરથી તેમાં શ્રાવકોનો સમાવેશ થતો નથી. તેવા સાધુ સાધ્વીઓને માટે જ આ હકીકત લખેલી છે. કોઇ પણ કથનને પોતાના વિચારને અનુકૂળ કરી દેવાનો આવો પ્રયત્ન પંડિતજીનો માટે ઘટિત નથી.

પંડિતજી કહે છે કે–" આગમોમાં કોઈ ઠેકાણે એવો શબ્દ નથી કે જ્યાં એવું જણાવ્યું હોય કે શ્રાવકો આગમો વાંચી શકે તેમાં પાપ હોય." આ કથન કેટલે દરજ્જે સત્ય છે તે ઉપર બતાવેલા સૂત્રોના આધારોથી સમજી શકાય તેમ છે. વળી આજ્ઞાભંગથી વધારે બીજું કોઇ પાપ શાસ્ત્રકાર કહેતા નથી, અને આમાં આજ્ઞાનો ભંગ થાય છે એ સ્પષ્ટ છે.

પંડિતજી કહે છે કે–" આ ગપ્પ જે તદન જ શાસ્ત્રવિરૂદ્ધ છે તે શા માટે મારવામાં આવી હશે ? એનું કારણ એ છે કે સાધુઓને માટે ખરો આચાર–સર્વોત્તમ ત્યાગ આગમોમાં પ્રતિપાદન કરેલો છે. હવે હાલના એટલે તાંત્રિક યુગના સાધુઓનું ચરિત્ર એટલું તો શિથિળ થઇ ગયું કે–તેઓને એવું લાગ્યું કે જો શ્રાવકો ખરા સાધુઓ કેવા હોય તે બાબત આગમોમાં જોશે તો આપણી જેવા શિથિળ ચારિત્રવાળાને ઉભા જ નહીં રાખે અને આપણને કદાચ સાધુ તરીકે કબુલશે પણ નહીં. આ કારણથી યુક્તિવાદમાં પ્રવીણ સાધુઓએ આ ફરમાન બહાર પાડ્યું કે શ્રાવકો આગમો વાંચી શકે નહીં. " આ લખાણ કેટલું બધું અસત્ય અને મહાપુરૂષોની ઉપર આક્ષેપવાળું છે તે વિચારવા યોગ્ય છે. પ્રથમ તો શ્રાવકોએ સૂત્રો ન વાંચવાનું ફરમાન સિદ્ધાંતનું જ છે. બીજું સાધુઓનો ખરો આચાર–સર્વોત્તમ ત્યાગ માત્ર સિદ્ધાંતમાંજ નહીં પણ અનેક ગ્રંથોમાં અને અનેક પ્રકરણોમાં બતાવેલ છે કે જેનાં નામો લખતાં પાર આવે તેમ નથી. પ્રાયે એક પણ આચારનો ગ્રંથ કે ચરિત્ર અથવા તદ્વિષયક પ્રકરણ સાધુના શુદ્ધ આચારના પ્રતિપાદન વિનાનું નથી. હું છેલામાં છેલા નાનામાં નાના પ્રકરણોના નામ આપું છું કે જેમાં મુનિરાજોનો

For Private And Personal Use Only

ઉત્તમ આચાર બતાવેલો છે. સંબોધસત્તરી, પંચનિગ્રંથી, પંચસંયતી વિગેરે પાં
વાર પ્રકરણો સાધુના આચાર માટે વિદ્યમાન છે. તેથી પોતાનો શિથિળાચાર છુ
વવા આવું ફરમાન કાઢ્યાની વાત કહી છે તે એક અંશ માત્ર પણ સત્ય નથી.
હરિભદ્રસૂરિ, ઉમાસ્વાતીવાચક, કળીકાળસર્વજ્ઞ હેમચંદ્રાચાર્ય અને છેવટે થઇ ગયે
શ્રીમદ્ આત્મારામજીમહારાજ અને હાલમાં વર્તતા શ્રી આનંદસાગરસૂરિ વિ
શિથિળાચારી છે કે જેઓ પોતાનો શિથિળાચાર છુપાવવા માટે ઉપરના ક
પુષ્ટિ આપી ગયા છે ને આપે છે. આ વાક્ય અનેક મહાપુરૂષોનું અપમાન કર
છે, અને સત્યના અલ્પ માત્ર અંશથી પણ રહિત છે.

ત્યારપછી પંડિતજી ચૌદ સુપન ઉતારવાનું કારણ જણાવે છે, અને તે
કહે છે કે–'દરીઆના વેપારીઓ વહાણનું અને વાંઝીયાઓ ઘણા ભાગે પ્રભુનું
રણું આદિ સૂપનો સ્વાર્થ કલ્યાણ માટે લે છે.' આમાં પ્રભુના પારણાને પણ સ્
ન ભેગું દાખલ કરી દીધું છે, પરંતુ તે તો કદી છાપવાની ભૂલ હશે; પરંતુ આ
જતાં કહે છે કે—"હવે તમે જાણીને અજબ થશો પણ મારે ખુલ્લા દીલથી
શાસ્ત્રો તેમજ આગમોના પુરાવાપરથી જણાવી દેવું જોઇએ કે આ રૂઢીઓ પુણ્ય
નહીં પણ પાપની છે." આ સંબંધમાં આગળ ઘણું બોલ્યા છે પણ તે સઘળું
ખવાનો અમને અવકાશ નથી-જરૂરનું પણ લાગતું નથી. અમે માત્ર એટલું
કહીએ છીએ કે–આ વિષયમાં માત્ર પોતાનો અભિપ્રાય જ જણાવી જવા ક
પોતાના કહેવા પ્રમાણે શાસ્ત્રોના ને આગમોના આધારો ટાંકીને તે પાપની રૂઢી
એમ સિદ્ધ કર્યું હોત તો વધારે ઠીક ગણાત. અને અમને જવાબ આપવો
ઠીક પડત. માત્ર તેમના પોતાના અભિપ્રાય માટે અમારે શું કહેવું ? અભિ
બાંધવા માટે તો સર્વે સ્વતંત્ર છે. માત્ર જેઓ શાસ્ત્રાધીનપણું સ્વીકારતા
તેઓ તેટલે અંશે પરતંત્ર છે.

આગળ ક્રિયાઉદ્ધારના સંબંધમાં બોલતાં પંડિતજી કહે છે કે—'મહા
પ્રભુએ પોતે ક્રિયાઉદ્ધાર કર્યો હતો.' આ વાક્ય વાંચી અમને આશ્ચર્ય થયું
કારણ કે ક્રિયાઉદ્ધાર તો જ્યારે માર્ગમાં શિથિળાચાર વધી પડ્યો હોય,
મુનિઓ શિથિલાચારી થઇ ગયા હોય ત્યારે શુદ્ધ માર્ગે ચાલવાના ઇચ્છક મુનિ
શિથિળાચારીથી છુટા પડી ક્રિયાઉદ્ધાર કરે છે તે કહેવાય છે. મહાવીર પ્ર
કેવો ક્રિયાઉદ્ધાર કર્યો? તે કાંઇ સ્પષ્ટ જણાવ્યું નથી; પરંતુ આ વાક્યવડે
સાંભળનાર તેમજ વાંચનારને શંકામાં મૂકી દીધા છે કે મહાવીર પ્રભુને પણ ક્
ઉદ્ધાર કરવાની જરૂર પડી હતી. આ વિષે જ્યાંસુધી વધારે સ્પષ્ટ ન થાય ત્યાં
વધારે લખવું યોગ્ય જણાતું નથી.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હવે ભાષણકર્ત્તાના ભાષણને અંગે પ્રમુખે આપેલા અભિપ્રાયના સંબંધમાં જ અમારે કહેવાનું બાકી રહે છે. પ્રમુખસાહેબ ભાષણકર્ત્તાના કહેલા એકે વિષયમાં સંમત થયા નથી. દેવદ્રવ્યના સંબંધમાં તેમણે જણાવ્યું છે કે—'કાયદાની રૂએ દેવદ્રવ્ય માટે એકઠું થયેલું નાણું તે સિવાય બીજા ઉદ્દેશ માટે ખરચી શકાય નહીં. સિવાય કે શ્રી સમસ્ત સંઘ એવા નિર્ણય ઉપર આવે કે આ દ્રવ્ય સમાજહિત માટે ખરચવું.' દેરાસરોના સંબંધમાં પણ 'અસલ દહેરાઓ ફક્ત ઉદ્યાન અને જંગલોમાં જ હતા એ કથનમાં પોતાને શંકા છે' એમ કહી તે સિવાયના સ્થળે--નગરોમાં પણ ચૈત્યો હતા એમ કહ્યું છે. ચૌદ સ્વપ્નના સંબંધમાં આ રીવાજ લોકોત્તર મિથ્યાત્વ છે એવી પોતાની ખાત્રી થયાનું જણાવ્યું છે, પરંતુ એમાં એટલું વિશેષ સમજવાનું છે કે-સુપન કે પારણું લેવામાં યા ઝુલાવવામાં જેઓ આશીભાવ રાખીને તેમ કરે છે તેમાં લોકોત્તર મિથ્યાત્વ છે. મહાલક્ષ્મીનું સુપન દ્રવ્યની આશાએ વહાણનું સુપન સમુદ્રને અનુકૂળ કરવાની આશાએ અને પારણું પુત્રોત્પત્તિની આશાએ લેવામાં આવે તો તે લોકોત્તર મિથ્યાત્વ છે એમ સમજવાનું છે. આવી સ્પષ્ટતા ઘણા મુનિરાજ સમક્ષ થયેલી છે. જૈન કથા સાહિત્યના સંબંધમાં આપણા કથાસાહિત્યને ઘણા ઉત્તમ પ્રકારનું જણાવી ભાષણકર્ત્તાના ૯૫ ટકા કલ્પિત કથાઓ છે એવા વિચારથી બીલકુલ જુદા પડ્યા છે. ક્રિયાઉદ્ધારના સંબંધમાં તેમનું કથન માત્ર ત્રણ લીંટીમાં ટુંકામાં જ લેવામાં આવેલું હોવાથી તેમના કહેવાની મતલબ સમજી શકાતી નથી. તેઓ કહે છે કે 'હું એવું બોલ્યોજ નથી.'

આટલી પર્યાલોચના પંડિતજીનું મન દુઃખવવા માટે નહીં પણ તેમના વિચારો ને કથન વાંચી સત્ય વિચાર–સત્ય હકીકત જણાવવાની જરૂરીઆત જણાયાથી કરવી પડી છે. જૈનસમુદાય પાસે આવા વિચારો મૂકતાં બહુ સાવચેતી વાપરવાની જરૂર છે. તેમાં પણ જેના કથન ઉપર સમુદાય કાંઈક આધાર રાખી શકે તેવી જોખમદાર વ્યક્તિએ તો બહુ વિચાર કરીને જ પોતાનો અભિપ્રાય જણાવવા યોગ્ય છે. આટલી છેલ્લી ભલામણ મિત્રભાવે કરીને આ લેખ પૂર્ણ કરવામાં આવે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# मुखपृष्टपर मूकेला श्लोकनुं विवेचन.

( અનુસંધાન પૃષ્ટ ૫૪ થી )

શ્લોકમાં જણાવ્યા મુજબ અમુક અમુક વસ્તુઓ મનુષ્યને મહા પુન્યના યોગે પ્રાપ્ત થાય છે. તેમાં પ્રથમ દાન અને વિવેકના સંયોગવાળી લક્ષ્મીને દર્શાવેલ છે, તે વિષેનું વિવેચન આપણે પ્રથમ અંકમાં કરી ગયા છીએ. આ અંકમાં ફક્ત श्रद्धामयं मानसं સંપૂર્ણ શુદ્ધ શ્રદ્ધાવાળા મન વિષે આપણે વિવેચન કરીશું. श्रद्धामयं मानसं એમાં श्रद्धामयं એ શબ્દ ઉપર ખરેખરો ભાર મૂકવાનો છે, કારણ મન તો દરેક પ્રાણીની સામાન્ય વસ્તુ છે, તે દરેકને મળેલું છે; પરંતુ તે સંપૂર્ણ શુદ્ધ શ્રદ્ધાવાળું મળવું તેજ મહા પુન્યનો યોગ છે. તેથી ખરૂં વિવેચન श्रद्धामयं ઉપર કહેવાની જરૂર છે, છતાં મનને તદ્દન વિવેચન વિના છોડી શકાય નહિ. કારણ

**मनः एव मनुष्याणां कारणं बन्धमोक्षयोः ।**

અર્થાત્ મનજ મનુષ્યોને બન્ધ અને મોક્ષનું કારણ છે.

મનની શક્તિ જેવી તેવી નથી, તેથી મનને જીતવું એ ભાગ્યેજ કોઇને માટે સંભવિત ગણાય છે. ઘણેભાગે દરેક આત્મા મનથી જીતાય છે, મન પોતાનું ધાર્યું કરી શકે છે, આત્માને તેનું ધાર્યું કરવા દેતું નથી. त्रैलोक्यमेतद् बहुभिर्जितं यैर्मनोजये तेऽपि यतो न शक्ताः। मनोजयस्यात्र पुरो हि तस्मात् तृणं त्रिलोकी विजयं वदन्ति॥ 'સંસારમાં એવા ઘણા મનુષ્ય થઇ ગયા, કે જેઓએ છ ખંડ જીતી લીધા; પરંતુ તેઓ પણ મનનો જય કરવામાં શકિતવાન્ ન થયા. માટે મનના જયની આગળ છ ખંડનો જય પણ તૃણ સમાન ગણવામાં આવે છે.' અલબત તેથી એમ કહેવાનું નથી કે આત્મા મનને જીતી નજ શકે. મનને એક મદોન્મત્ત હાથીની ઉપમાં આપી આત્માને તેની ઉપર બેઠેલા માવતની ઉપમા આપીએ તો તે ઘટી શકે છે. જો માવત હાથી ઉપર અંકુશથી કાબુ રાખી શકે તો હાથી પાસેથી ધાર્યું દરેક કામ લઇ શકે, પરંતુ જો કાબુ ખોઇ બેસે તો માવતની શી વલે થાય તે કહી શકાય નહિ. માવતનું જીવવુંજ વખતે મુશ્કેલ થઇ પડે.

મનની શક્તિ અને ચંચળતા વિષે મહાત્મા આનંદઘનજી મહારાજે સત્તરમા તીર્થંકર કુંથુનાથજીના સ્તવનમાં જે વિગત દર્શાવી છે તેથી તેનો કેટલોએક ખ્યાલ આવી શકે છે; સાધારણ મનુષ્ય માટે તો શું, પરંતુ એમના જેવા ધુરંધર મહાત્માઓને માટે પણ તેમણે મનને જલદી સધાય એવું ગણ્યું નથી. છેવટમાં તેઓજી કહે છે કે 'આગમોમાં કહેલું છે તેથી માનવુંજ પડે છે કે પ્રભુ તમોએ તે સાધ્યું, પરંતુ સાચું તો ત્યારેજ માનું કે જ્યારે મારૂં મન સધાય'

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અર્થાત્ મનને સાધવું તે એમને જેવી તેવી વાત લાગી નથી, તેથીજ તેમણે કહેલ છે કે ' મન સાધ્યું તેણે સઘળું સાધ્યું.'

સાધારણ જનસમૂહમાં પણ તે વાત સહેજે સાબીત થઈ શકે તેમ છે. મનની સાધના વિના સર્વ સુખ સંપન્ન માણસ સહેજ પણ સુખ ઓછું થતાં દુઃખી થઇ જાય છે. જો કે તેનું રહેલું સુખ કરોડો મનુષ્યના સુખ કરતાં વધુ હોય છે. મનને સાધ્યા વિના આ દુનીઆની કોઈપણ સંપત્તિ-કંચન ને કામની-ગાડી, વાડી ને લાડી કોઈ પણ વસ્તુ સુખનું સાધન બનવું મુશ્કેલ છે. મનને સાધ્યા વિના ગમે તેવી વ્યક્તિને ગમે તેવા સુખમાં ક્ષતિ થયા વિના રહેતી નથી. બીજી તરફ મનને સાધ્યાથી ગમે તે દુઃખ સદાકાળ દુઃખ લાગતું નથી. સુખ દુઃખ તો માણસના મન ઉપર જ આધાર રાખે છે. પાલી અનાજ લાવી પાલીએ ખાઇ જનાર માણસ જો પોતાની ઝુંપડીમાં ઘસઘસાટ ઉંઘી શકે તો તેને દુઃખી કોણ કહી શકે તેમ છે. ઉલટું તે કોડી વિનાના માણસને ઘણાઓ સુખી લેખવશે. પુણીઆ શ્રાવકના એક સામાયિકની કિંમતમાં શ્રેણીક મહારાજનું રાજ્ય આખું બીશાતમાં ન આવ્યું તે વાત સાચી છતાં કલ્પવી કેવી મુશ્કેલ લાગે છે. મનની સાધ્ય સ્થિતિને એ બધું આભારી છે. મનની સાધ્ય સ્થિતિને કાંઇપણ દુર્લભ નથી. મનની સાધ્ય સ્થિતિ મોટામાં મોટા દુઃખને સુખ માની શકે છે. જેમ જેમ મન સધાતું જાય છે તેમ તેમ દુઃખ દુઃખરૂપે પરિણમતું નથી, તેમ સુખમાં મસ્ત બનતું નથી. દુઃખ સુખની સમાન દશા થતી જાય છે, માટે દુઃસાધ્ય મનને સાધવાની પૂરેપૂરી જરૂર છે. આત્માના હાથમાં એ જબરજસ્ત શસ્ત્ર છે, જેનો સદુપયોગ કઇકનું રક્ષણ કરે તેમ છે અને દુરૂપયોગ પોતાનો તેમ બીજાનો નાશ કરે તેમ છે.

મનની શક્તિ અથાગ છે.' જ્યાં ન પહોંચે રવિ ત્યાં પહોંચે કવિ ' એ કહેવત માનસિક શકિતને આભારી છે. આવી મોટી શકિતને કેળવવા કેળવણીની ખાસ જરૂર છે; ઉંચી કેળવણી મનની ખરેખરી ખીલવણી માટે છે. આત્માનો ઉદ્ધાર તેની કેળવણી ઉપર આધાર રાખે છે; એટલુંજ નહીં પરંતુ સામાન્ય સુખ દુઃખ પણ તેને જ અવલંબી રહ્યા છે. મનની કેળવણી વિના ખરેખરો સુખી સુખને પીછાની શકશે નહિ, તેમજ તેનો ભોગવટો પણ કરી શકશે નહિ. ધનિક ધનની કિંમત કરી શકશે નહિ, તેમજ તેનો ભોગવટો પણ કરી શકશે નહિ, અગણિત દ્રવ્ય છતાં પોતાને ધનિક લેખી શકશે નહિ. આવા શકિતવાળાં સાધન મન ઉપર આત્માએ જો કાબુ ન મેળવ્યો તો તે આત્માનો ઉદ્ધાર દૂર ને દૂરજ રહેવાનો છે અને કાબુ મેળવ્યે તેમાં વિલંબ થવાનો નથી.

સામાન્ય રીતે મનને માટે એટલું કહ્યા બાદ શ્રદ્ધાવાળા-સંપૂર્ણ શુદ્ધ શ્રદ્ધાવાળા મન વિષે વિવેચનની ખાસ અગત્ય છે. અહીં શ્રદ્ધા કોને કહેવી અને શેમાં રાખવી તે એક વિચારવા યોગ્ય ગંભીર પ્રશ્ન છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જગતમાં પ્રાણી અનેક છે, દરેકને મન છે, દરેકની માન્યતામાં કાંઇક કાંઇક તો ફરક આવેજ છે, જેથી કોની માન્યતા સાચી ગણી તેમાં શ્રદ્ધા રાખવી તે ડાહ્યા માણસે પડેલી ગુંચવણ ઉકેલવા જેવું છે.

શ્રદ્ધા રાખો, શ્રદ્ધા રાખો, એમ જનસમૂહ બોલ્યે જાય છે, પણ તેમાં ગુંચવણી મોટી છે. શુદ્ધ સાચા નિર્ણયને પણ શુદ્ધ સાચી વ્યકિત સંજોગોને વશ ફેરવે છે, જો કે તેમ કરવા તેઓનો અંતઃકરણનો વિચાર હોતો નથી. બને છે એમ કે અગણિત મનુષ્યના, અગણિત મનના, અગણિત ધર્મ, અગણિત નહિ તો ઘણાએ ધર્મો ઉદ્‌ભવે છે અને સર્વ પોતાનું તે સાચું જણાવી તેમાં શ્રદ્ધા રાખવા આગ્રહ કરે છે, જેથી શ્રદ્ધા કોને કહેવી અને શેમાં રાખવી તે મુશ્કેલ થઇ પડે છે.

આમ હોવાથી મનુષ્યને જેમ બને તેમ સ્વતંત્ર વિચારી થવાની જરૂર છે, બીજી તરફ વિચારતાં જીંદગી એટલી ટુંકી છે કે દરેકે દરેક બાબતનો નિર્ણય પ્રત્યેક વ્યક્તિ કરી શકે નહીં; જેથી જે જે મનુષ્યો પોતાને ડાહ્યા થઇ ગયેલા લાગે તેના નિર્ણયો પર આધાર રાખવાની જરૂર પડે છે અને તોજ આગળ વધી શકાય તેમ છે. જો દરેક મનુષ્ય દરેકે દરેક બાબતનો નિર્ણય કરવા બેસે તો ડાહ્યા માણસોએ કરેલા આગલા નિર્ણયો નકામા જાય; એટલુંજ નહિ પરંતુ પોતાને માટે એટલું બધું કાર્ય વધી પડેલું લાગે કે કાંઇ સુઝે જ નહીં. જેથી આગલા નિર્ણયો પર આધાર રાખવાની જરૂર છે અને બીજાના નિર્ણયો પર આધાર રાખવો તેનું નામજ શ્રદ્ધા છે.

અત્રે કોઇ અંધશ્રદ્ધા માટે પ્રશ્ન ઉઠાવશે. અંધશ્રદ્ધા કોને કહેવી તેમાં ઘણા ગુંચવાય તેવું છે. બીજાના નિર્ણયો પર આધાર રાખવો તેનું નામ શ્રદ્ધા છે તોપછી અંધશ્રદ્ધાને અવકાશ જ કયાં છે? ખુલાસામાં જણાવવાનું જે પારકાના દરેકે દરેક નિર્ણય પર વિચાર્યા વિના જ આધાર રાખવો તે અંધશ્રદ્ધા ગણાય, પરંતુ બીજાના નિર્ણયો પર સ્વતંત્ર વિચાર કરી જે જે સાચા લાગે તે પ્રમાણે વર્તવું તેને અંધશ્રદ્ધા ન કહેતાં ખરી શ્રદ્ધા કહી શકાય.

શ્રદ્ધા કેટલાએકને સ્વતંત્રતામાં બેડી સમાન લાગે છે, પણ તેનો સંપૂર્ણ વિચાર કરતાં તેમ લાગશે નહિ. તે દુઃખીને દુઃખમાં વિસામો છે. દુનીઆમાં દરેકને દરેક જાતની સાનુકૂળતા મળવી મુશ્કેલ છે, કદાચ હોય તો તેમાં ક્ષતિ થતાં વાર લાગતી નથી. સંસાર એવી રીતે આપણને વીંટાયલો લાગે છે કે તેમાં સુખ હમેશાં બન્યું બન્યું રહેતું નથી.

સુખમાં ખાસી પડતાં અથવા દુઃખ આવી પડતાં માણસને શ્રદ્ધા એક સહ્યારો છે. શ્રદ્ધા ઉપર ઢળી જઇ માણસો દુઃખમાં પણ દિવસો નિર્ગમે છે અને દુઃખને વિસારે પાડે છે, નહિ તો દુઃખમાં મુંઝાવા વખત આવે છે અને કાંઇ સુઝતું નથી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હવે દુનીઆના ડાહ્યા માણસોએ કઇક કઇક નિર્ણયો કર્યા છે, કઇક કઇક ધર્મો પ્રવર્તાવ્યા છે, તેમાંના ખાસ જરૂરી નિર્ણયો પર ધ્યાન પહોંચાડીએ કે જેમાં શ્રદ્ધા રાખવાથી આપણે કાંઇક પાર પડી શકીએ.

બાલ્યાવસ્થામાં જ્યાં સુધી મનુષ્ય સ્વતંત્ર વિચારી બની શકતો નથી ત્યાં સુધી તેને માબાપ કે મહેતાજી કહે તેમ કરવાનું હોય છે. માબાપના દેવ ગુરૂ ને ધર્મને તેણે પોતાના દેવ ગુરૂ ને ધર્મ માનવાના હોય છે. ઉમરે પહોંચતા સ્વતંત્ર વિચાર કરતાં તેની પ્રણાલિકાઓમાં કાંઇક ફેરફાર કરવો યોગ્ય લાગે તો કરવો, પરંતુ બનતા સુધી એક ધર્મ છોડી બીજામાં જવું ઘટીત નથી.[1] કારણ સ્વતંત્ર વિચારવડે જો તે બરોબર વિચારશે તો તેને તેના પોતાનાજ ધર્મમાં એવું ઘણુંએ મળી આવશે કે જે બીજા ધર્મોમાં પણ સામાન્ય રીતે હોય છે. દાખલા તરીકે નીતિધર્મ એ સર્વ ધર્મમાં સામાન્ય ધર્મ છે. નાસ્તિક પણ દુનીઆના વ્યવહારની ખાતર નીતિને સ્વીકારે છે અને તેટલે અંશે તે પણ આસ્તિક છે. સર્વ કોઇ સ્વીકારે છે કે કોઇ પણ પ્રાણીને દુનીઆમાં કામ કર્યા વિના ચાલતુંજ નથી, કોઇનાથી આળસુ બેસી રહી શકાતું નથી. એમ હોવાથી પુરૂષાર્થ આબાદ સિદ્ધ થાય છે. જો કે દુનીઆમાં કેટલાએક નશીબવાદી હોય છે, પરંતુ તેમને પણ જો પૂછવામાં આવે કે ' નશીબની ઉત્પત્તિ કયાંથી થઇ ? નશીબ બનાવનાર કોણ ? ' તો સંપૂર્ણ વિચારે તેને જરૂર જણાશે અગર તેને સમજાવી શકાશે કે નશીબ પુરૂષાર્થનુંજ ફળ છે; માટે પુરૂષાર્થવાદીજ દરેકે બનવું.

कर्मण्येवाधिकारस्ते એટલે દરેકને કામ કરવાનોજ અધિકાર છે, ફળના વિચારમાં બેસી રહેવાનું નથી. ફળ તેનું ગમે તે આવે; સારાં માઠાં કર્મનું ફળ આવશેજ આવશે, તે કોઇને છોડતું નથી. એવી દ્રઢ શ્રદ્ધા દુઃખનો વિસામો છે.

એવી રીતે ધર્મના મુખ્ય મુખ્ય નિયમો–નિર્ણયો દરેક ધર્મમાં સામાન્ય રીતે મોજુદ હોય છે, ફક્ત તેને અમલમાં મૂકવાની રીતિ વિગેરેમાં ફેરફાર હોય છે; માટે કોઇએ પોતાનો ધર્મ ન બદલતાં પોતાને જ્યાં ફેરફારની જરૂર લાગે ત્યાં ફેરફાર પોતાને માટે કરીને વર્તવું. બીજાને તે ફેરફારો મનાવવાની જરૂર લાગે અને પોતાની શક્તિ હોય તો તે માટે શાંતિથી યત્ન કરવો. પરંતુ પોતાના દેવ, ગુરૂ, અને ધર્મ, નીતિધર્મ અને પુરૂષાર્થ વિગેરેમાં દ્રઢ શ્રદ્ધા રાખવી.

૧ અહીં એમ ન સમજવું કે પોતાનો ધર્મ હિંસાપ્રાધાન્ય હોય તો પરીક્ષા કર્યા પછી અહિંસાપ્રાધાન્ય ધર્મ ન સ્વીકારવો. એમ સમજવામાં આવે તો તો વિવેકની જરૂરજ આાળસી જાય; માટે વિવેકપૂર્વક જો પોતાનો ધર્મ સુંદર લાગે તો તેને ન તજવો. એકાએક અન્ય ધર્મમાં મોહાઇ ન જવું એમ સમજવાનું છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વિશેષમાં આગળ થઇ ગયેલા મહાત્માઓએ સાબીત કરેલ છે અને આપણામાંનો મોટો ભાગ કહો કે દરેક જણ માને છે કે પ્રત્યેક વ્યક્તિ શુદ્ધ સ્વરૂપે ઇશ્વર છે. કર્મનાં ઘણા દળીઆં તેની ઉપર ફરી વળ્યા છે. તેને દાન, શિયળ, તપ અને ભાવથી તોડવામાં આવે તો શુદ્ધ સ્વરૂપ મેળવી શકે તેમ છે. તેનામાં સામર્થ્ય કમતી નથી, ઇશ્વર જેટલા સામર્થ્યનો તે સ્વામી છે. તેનું સામર્થ્ય અવરાઇ ગયું છે, તે ફોરવવાથી પાછું મળી શકે તેમ છે-હતું તેવું થઇ શકે તેમ છે. સંપૂર્ણ ફોરવતાં જે છે તેજ તે બને છે-એટલે ઇશ્વર બને છે.[1]

એ શ્રદ્ધા દરેકને પોતાના ઉપર આધાર રાખવા શીખવે છે, એટલુંજ નહી પરંતુ એ શ્રદ્ધા ઘડીએ ને પળે ઉપયોગી છે. માણસ જાતની નબળાઇ જીતવાને તે બહુ કામ લાગે છે; કારણ કે તેના વર્તન વખતે પરાઈ સાક્ષી હરહમેશ મળી શકતી નથી. એકાંતનું વર્તનજ માણસને ભુલ ખવરાવે છે. એવી ભૂલ વખતે જો મનુષ્ય પોતાપર દ્રઢ શ્રદ્ધાવાન્ હોય, અને માનતો હોય કે મારી ભૂલ બીજો તો કદી નથી જોતો પણ હું પોતે તે જોઉં છું-હું જોઉં છું તો છુટવાનો ક્યાં છઉં ? મારો અંતરાત્મા-ઇશ્વર બીજાને છોડતો નથી તો મને કેમ છોડશે ? આવો શ્રદ્ધાવાન આત્મા પાપથી હમેશાં દૂર રહે છે, કારણ તે જાણે છે કે ગમે તે ઠેકાણે મારી ભૂલ જોનાર તો હાજરાહજુર છે.

આવા શ્રદ્ધાવાન્ આત્માનો ઉદ્ધાર દૂર નથી. પુરૂષાર્થમાં શ્રદ્ધાવાન્, નીતિએ ચાલનાર, દેવ ગુરૂ ધર્મ પર આસ્થાવાળો આત્મા કદી વહેમમાં ફસતો નથી; સામાન્ય દેવદેવીઓને રીઝવવા પ્રયત્ન કરતો નથી, જુગારૂપી નસીબના ખેલને ખેલતો નથી, કંચન-કામીનીને અયોગ્ય માર્ગે ચાહતો નથી, માંસ મદિરા વિગેરે અભક્ષ્ય વસ્તુનું તે ભક્ષણ કરતો નથી, વિગેરે વિગેરે મર્યાદાથી જેમ બને તેમ ઓછા પાપસ્થાન સેવવા કરે છે; એટલુંજ નહિ, પરંતુ આત્માના મુખ્ય લક્ષ્ય તરફ હરહમેશ તેનું ધ્યાન રહે છે; માટે સંપૂર્ણ શુદ્ધ શ્રદ્ધાવાન્ મન-એ પણ મહા પુન્યનોજ યોગ છે.

( અપૂર્ણ. )

કુંવરજી મુળચંદ. શાહ.

[1] આનો તાત્પર્ય એમ ન સમજવો કે આત્મા પ્રથમ નિર્મળ હતો ને પછી મલિન થયે છે. આત્મા અનાદિ કાળથી કર્મલેપ સંયુક્ત જ છે. તે કર્મમળ દૂર થતાં અસલ સ્વરૂપ અર્થાત્ જેવું ઇશ્વર કહાતા મહાત્માઓ પોતાનું સ્વરૂપ પ્રગટ કર્યું તેવું પ્રગટ કરી શકાય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# શુ૦ દિ૦ અને વ૦ દિ૦ ની સમજ.*

આપણી લોકભાષામાં અજવાળિયાના ભાગને શુ૦ દિ૦ કહેવામાં આવે છે અને અંધારિયાના ભાગને વ૦ દિ૦ કહેવાની પ્રથા છે. હવે આપણે જરા વિચારવું જોઇએ કે શુ૦ દિ૦ અને વ૦ દિ૦ શબ્દ શું રુઢ હોઇને પોતાના ભાવને સૂચવે છે કે યૌગિક હોઇને પોતાનો ભાવ જણાવે છે ? રૂઢ શબ્દો પોતાનો ભાવ સૂચવતાં પોતાની વ્યુત્પત્તિની જરાપણ તમા રાખતા નથી–માત્ર તેઓ તો ગડુરિકા પ્રવાહની પેઠે લોકપ્રવાહ તરફ ઝુકેલા હોય છે, ત્યારે યૌગિક શબ્દો પોતાના ભાવને રજુ કરતાં પહેલું લક્ષ્ય પોતાની વ્યુત્પત્તિ તરફ રાખે છે અને તેમ કરતાં તેઓ જરા પણ લોક-સંકેતથી શરમાતા નથી. અત્યારના રિવાજ પ્રમાણે શુ૦ દિ૦ અને વ૦ દિ૦ એ બન્ને શબ્દો સાધારણ જનને રૂઢ જેવાજ લાગે તેમ છે. શુ૦ દિ૦ અને વ૦ દિ૦ શબ્દની વ્યુત્પત્તિ લુપ્તપ્રાય હોવાથી તેમાંથી ' અજવાળિયું ' અને ' અંધારિયું ' એ ભાવ શી રીતે દર્શાવાય ? એવી મુંઝવણને લીધે કેટલાક વૈયાકરણોએ ( કૌમુદીના ટીકાકાર વિગેરેએ ) તો તે બન્ને શબ્દોને અખંડ અવ્યયોની કોટિમાં મુકી દીધા છે, અને એમ કરવાથી તેઓએ પોતાના શાબ્દિક બિરૂદને ઝાંખું પાડયું છે. શુ૦ દિ૦ અને વ૦ દિ૦ એ બન્ને શબ્દો સામાસિક પણ યૌગિક છે. અને તે બન્ને શબ્દો પોતપોતાની વ્યુત્પત્તિ પ્રમાણે જ તે તે ભાવને સૂચવે છે. શુ૦ દિ૦ અને વ૦ દિ૦ શબ્દનાં મૂળ રૂપો પાંચ છ અક્ષરનાં બનેલાં છે, પણ લેખકોએ ટુંકમાં લખવાના હેતુથી તે લાંબા નામોનો સંક્ષેપ કરી ઉપર પ્રમાણેનાં ' શુ૦ દિ૦ અને વ૦ દિ૦ રૂપો બનાવી દીધાં છે. શુ૦ દિ૦ શબ્દનું મૂળરૂપ–'શુકલ દિવસ' છે અને 'વ૦ દિ૦' શબ્દનું મૂળરૂપ–' બહુલ દિવસ ' છે. ' શુકલ 'ની આદિનો ' શુ ' અને ' દિવસ ' ની આદિનો ' દિ ' એ બન્નેને ભેગા કરી શિલાલેખ કોતરનારાઓએ અથવા પત્રો લખનારાઓએ ' શુ૦ દિ૦ ' શબ્દ ઉભો કર્યો છે. એ જ રીતે ' બહુલ ' ની આદિનો ' બ ' અને દિવસની આદિનો ' દિ ' એ બન્નેને એકઠા કરી ' વ૦ દિ૦ ' શબ્દની કાયા બંધાણી છે. ( ' વ૦ દિ૦ ' શબ્દનું શરીર બનાવતાં [1]" बवयोरैक्यम् " ના નિયમને અનુસરી ' બહુલ ' શબ્દના ' બ ' ને ' વ ' નું રૂપ આપી ' વ૦ દિ૦ ' શબ્દમાં યોજ્યો છે. ) આ રીતે ' શુ૦ દિ૦ ' અને ' વ૦ દિ૦ ' શબ્દો અવ્યયરૂપ નથી, પણ ' શુકલ–દિવસ ' અને [2]' બહુલ–દિવસ ' રૂપ યૌગિક પણ સામાસિક શબ્દનાં ટુંકાં રૂપો છે.

---

* આ ઉલ્લેખ ભારતીય પ્રાચીન લિપિમાળા ( રાયબહાદુર પં૦ ગોરીશંકર હીરાચંદ ઓઝા કૃત, નવું સંસ્કરણ ) ના ૧૬૦ મા પૃષ્ઠના એક ટિપ્પણને આધારે લખાયો છે.

1. ' બ અને વ ' એ બન્ને એકજ છે. 2. ' બહુલ ' શબ્દ ' કૃષ્ણપક્ષ ' નો સૂચક છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કેટલાક શિલાલેખોમાં પૂર્વના જ ભાવને સૂચનાર ‘ શુ૦ તિ૦ ’ અને ‘ વ૦ તિ૦ ’ શબ્દ પણ મળે છે. તે બન્ને શબ્દો પણ યૌગિક અને સામાસિક ‘ શુક્લ-તિથિ ’ એ શબ્દનાં ટુંકાં રૂપ છે. ‘ શુકલ ’ નો ‘ શુ. ’ અને ‘ તિથિ ’ નો ‘ તિ એ બન્નેના જોડાણથી ‘ શુ૦ તિ૦ ’ તથા ‘ બહુલ ’ નો ‘ બ ’ અને ‘ તિથિ ’ ને ‘ તિ ’ એ બન્નેના સંબંધથી અને “ બવયોરૈક્યમ્ ” ના નિયમથી ‘ વ૦ તિ૦ શબ્દ બન્યો છે. એ શબ્દોની પેઠે બીજા પણ એવા અનેક શબ્દો છે કે જે તેના મૂળ રૂપમાંથી ટુંકા કરીને લખવામાં આવે છે. જેમ કે; [3]‘ પંડિત ’ને બદલે પં૦ ‘ સંવત ને બદલે ‘ સં૦ ’ કે ‘ સંવ૦ ’ ‘ ગ્રીષ્મ ’ ને બદલે ‘ ગ્રી૦ ’ કે ( ગ્ર૦ અથવા ગ્રિ૦) ‘ વર્ષ ’ ને બદલે ‘ વ૦ ’. ‘ હેમંત ’ ને બદલે ‘ હે૦ ’ ‘ ઠક્કુર ’ ને બદલે ‘ ઠ૦ ’ ‘ મહંતમ ’ ને બદલે ‘ મહું૦ ’. ‘ શ્રેષ્ઠિન્ ’ ને બદલે ‘ શ્રે૦ ’ કે ‘ શે૦ ’. ‘ જ્ઞાતીય ને બદલે ‘ જ્ઞા૦ ’ વા ‘ જ્ઞાતિ૦ ’ ઇત્યાદિ. એ રીતે આપણી પત્ર લખવાની ચાલુ પદ્ધતિમાં પણ ‘ ચિરંજીવ ’ ને બદલે ‘ ચિ૦ ’ કે ‘ ચિરં૦ ’. ‘ પૂજ્યપાદ ’ ને બદલે ‘ પૂ૦ ’. ‘ રાજમાન ’ ને બદલે ‘ રા૦ ’. ‘ મહેતા ’ ને બદલે ‘ મે૦ ’. ‘ મહેરબાન ’ ને બદલે ‘ મે૦ ’ ‘ શાહ ’ ને બદલે ‘ શા૦ ’ વિગેરે શબ્દો લખાય છે. તે આપણાથી જરાય અજાણ્યું નથી. શિલાલેખ કોતરનારાઓ અને પત્ર લખનારાઓ પોતાની સરળતા માટે તે તે શબ્દોનાં મૂળ રૂપોને સંક્ષેપીને લખે છે અને કેટલાક અક્ષર કોતરામણનું મૂલ્ય ઓછું આપનારા, તે તે કારીગરો ( સલાટો, લહિયાઓ અને કંસારાઓ ) પાસે તે તે લાંબારૂપવાળા શબ્દોનાં મૂળ રૂપોને ટુંકાણમાં જ કોતરાવે છે. એથી આપણે તે શબ્દોની વ્યુત્પત્તિ વા બનાવટ તરફ દુર્લક્ષ્ય કરી, તે જ ટુંકા શબ્દોને વિચિત્ર જાણી નિપાતના—અવ્યયના ગણમાં ગણાવી દઇએ તો આપણી સાક્ષરતા કેવી દીપે ? ઘણા જણ ‘ સુ૦ દિ૦ ’ અને ‘ સુ૦ તિ૦ ’ લખે છે તે પણ ( ‘ શુ૦ ’ નો ‘ સુ૦ ’ થવાથી ) ખોટું નથી.

છેવટ એક વિનંતિ છે કે, એવા ટુંકા શબ્દોને લખતાં જો તે અક્ષરો પાસે ૦ નિશાની રાખી લખવામાં આવે તો તે શબ્દો અખંડ છે એવો ભ્રમ ટકી શકશે નહીં.

પ્રેરિકા — ચંદના.

---

૩. અત્યારે કેટલાક ‘પંડિત’ની પદવીવાળા, પોતાના નામની શરૂઆતમાં ‘પંન્યાસ’ કે ‘પન્યાસ’ શબ્દ યોજે છે. વસ્તુતઃ ‘ પં૦ ’ એ શબ્દ ‘ પંડિત ’ નો સૂચક છે અને ન્યાસ શબ્દ ‘ પદ આરોપ ’ ને સૂચવે છે એટલે ‘ પંન્યાસ ’ કે ‘ પન્યાસ ’ ને બદલે ‘ પં૦ ’ લખવું યુક્તસર છે. વળી કેટલાક પ્રકાશકોએ ‘ પન્યાસ ’ શબ્દને સં૦ ‘ પ્રજ્ઞાંશ ’ ઉપરથી પ્રા૦ ‘ પણ્ણંસ ’ નો વિકારરૂપ માન્યો જણાય છે. એ તો તેઓની માન્યતા સર્વથા ભ્રમરૂપજ છે. લેખક

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# ब्रह्मचर्य.

( અનુવાદક—કસ્તુરી નંદલાલ વનેચંદ—ધોરાજી ).

મનુષ્યની પચીશ વર્ષની ઉમ્મર થાય ત્યાં સુધીનો કાળ સાધારણ રીતે વિદ્યાર્થી અવસ્થાનો ગણાય છે; અને મનુષ્યના મગજનો વિકાસ અને શરીરનાં અંગોની ખીલવણી પણ ઘણે ભાગે ત્યાંસુધીના સમયમાંજ થાય છે; એટલે તે સમય દરમ્યાન ખીલતા અંગોને પોષણ આપવા માટે અને અભ્યાસથી થાકી જતા મગજની પુષ્ટિ કરવા માટે લોહીનું સત્ત્વ જે વીર્ય તેના રક્ષણની ખાસ જરૂર છે. માટે વિદ્યાર્થીઓએ વિદ્યાર્થી અવસ્થા સુધી નિર્મળ ભાવથી અખંડપણે બ્રહ્મચર્ય પાળવું જોઈએ. જેઓને દુર્ભાગ્યે સ્વેચ્છાથી અથવા માબાપે પાડેલી ફરજથી વિદ્યાર્થી અવસ્થામાં પરણવું પડયું હોય છે અને બ્રહ્મચર્ય ભંગ કરવાનો વખત આવેલ હોય છે તેઓને શારીરિક અને માનસિક મહા અનર્થોની સાથે ઘણી હાનિ પહોંચવાનો સંભવ છે.

વિદ્યાર્થીપણામાં મગજમારી કરવી પડે તેવા કઠિન અભ્યાસના બોજાથી મગજને ઘણો ઘસારો લાગે છે, અને જેમ જેમ અભ્યાસનો પરિશ્રમ વધતો જાય છે તેમ તેમ મગજનું ઘર્ષણ વધારે થાય છે. જેટલા પ્રમાણમાં મગજનું ઘર્ષણ થાય તેનાથી અધિક તેને પોષણ મળવું જોઇએ. ઘસારાની ખોટ પૂરી પાડી મગજને પોષણ આપનાર જો કોઈ તત્ત્વ હોય તો તે વીર્ય છે, માટે તેનું સર્વથા રક્ષણ થવું જોઈએ. જો તેમ થાય તો જીવનની આબાદી થાય છે અને મગજની પરિસ્થિતિને પ્રાયઃ ધક્કો લાગતો નથી. પણ મગજ અને શરીરને પોષણ આપનાર વીર્યતત્ત્વને જો અપરિપક્વ સ્થિતિમાં કોઇ પણ રીતે હાનિ પહોંચવાનો સંભવ ઉભો થયો હોય છે તો પછી મગજનું પોષણ થવું તો દૂર રહ્યું પણ રક્ષણ થવું પણ મુશ્કેલ છે.

વીર્યનો સંબંધ મનુષ્યના સ્થૂળ દેહની સાથે છે તેમજ માનસિક શક્તિની સાથે પણ રહેલો છે. જેઓ વિશુદ્ધ બ્રહ્મચારી હોય છે તેઓની શારીરિક સંપત્તિ સારી હોય છે, એટલું જ નહિ પરંતુ તેઓનું મગજ પણ તાજું ને તાજું જ રહે છે. તેથી ઉલટું જેઓ અખંડ બ્રહ્મચર્યને સેવી શકતા નથી તેઓની શારીરિક તેમજ માનસિક શક્તિ દિવસે દિવસે ક્ષીણ થતી જાય છે. આ કારણથી વીર્યને શરીરનો તેમજ મગજનો રાજા કહેલો છે. વીર્ય સંપૂર્ણ રીતે પરિપક્વ થવાનો સમય આરોગ્યશાસ્ત્રના વિદ્વાનોએ ૨૫ વર્ષ સુધીનો લેખ્યો છે, તેથી તેને અનુસરીને વિદ્વાનોએ ઉપદિશ્યું છે કે 'વિદ્યાર્થીઓએ પ્રથમ અવસ્થામાં વિશુદ્ધ બ્રહ્મચર્ય પાળવું.' એ અવસ્થામાં જો વિદ્યાર્થીઓ બ્રહ્મચર્ય પાળી શકે નહિ તો તેઓ શારીરિક સ્વાસ્થ્યને અનુભવી શકતા નથી. તેમજ માનસિક શક્તિ ક્ષીણ થતી જવાને લીધે સ્મરણશક્તિ

For Private And Personal Use Only

પણ ચલાતી ભુંસાતી જાય છે અને વિદ્યાભ્યાસ બરાબર થઇ શકતો નથી. સતેજ સ્મરણશક્તિ વિના વિદ્યાભ્યાસમાં યથેષ્ટ પ્રગતિ થઇ શકતી નથી, તેથી જે વીર્યનો શારીરિક તેમજ માનસિક શક્તિ સાથે નિકટનો સંબંધ છે તેનો ક્ષય વીર્યની અપરિપક્વ દશામાં–પ્રથમ અવસ્થામાં–બાલ્યવયમાં જરા પણ થવા દેવો જોઇએ નહિ. વિદ્યાભ્યાસથી સ્મરણશક્તિ ઉપર બોજો પડે છે એ તો નક્કીજ છે, અને એ બોજાથી મગજને જે કાંઇ ઘસારો લાગે છે તે ઘસારો બ્રહ્મચર્ય પાલનથી પૂરાઇ જતાં પુનઃ મગજ અને સ્મરણશક્તિ તાજીને તાજીજ રહે છે, અને તેવો વિદ્યાર્થી વિદ્યાભ્યાસને માટે સર્વથા યોગ્યજ રહે છે; પરંતુ એક બાજુએ વિદ્યાભ્યાસથી મગજને અને સ્મરણશકિતને ઘસારો લાગતો હોય તે વખતે બીજી બાજુએ વીર્યના દુર્વ્યયથી એ ઘસારાની ખોટ પૂરવાને બદલે વધતી જતી હોય ત્યાં મગજ વિદ્યાભ્યાસને માટે તાજું રહેવાનો સંભવજ રહેતો નથી. આ કારણથી વિદ્યાભ્યાસને અને અબ્રહ્મચર્યને યા ગૃહસ્થાશ્રમને એક સાથે બનતું નથી.

બ્રહ્મચર્યનો અર્થ માત્ર વીર્યવ્યય ન કરવો એટલોજ થતો નથી, પરંતુ મન, વચન અને કાયાથી બ્રહ્મચારી રહેવું તેજ ખરૂં બ્રહ્મચર્ય છે. કાયાથી બ્રહ્મચર્ય ન પળાય તો મગજ અને શરીર બંનેનું સ્વાસ્થ્ય સચવાતું નથી, તેવીજ રીતે મન અને વચનથી જો બ્રહ્મચર્ય ન સેવાય તો ચિત્તની એકાગ્રતા સચવાતી નથી અને વ્યગ્ર ચિત્તવાળો બનેલો વિદ્યાર્થી વિદ્યાભ્યાસને માટે નાલાયક ઠરે છે. આ કારણથી અબ્રહ્મચર્ય સંબંધી વિકારી વિચારોને પણ મગજમાં સ્થાન આપવું જોઇએ નહિ. વળી જેઓ અબ્રહ્મચર્યની વાતો કરતા હોય તેઓની પાસે ઉભા પણ રહેવું નહિ, તેમજ તેવી ભાષાનો ઉપયોગ પણ કરવો જોઇએ નહિ. માનસિક અને વાચિક બ્રહ્મચર્ય નહિ પાળી શકનારા તરૂણ વિદ્યાર્થીઓ શરીરથી બ્રહ્મચર્ય પાળે છે, છતાં તેઓના મગજને તથા શરીરને તેઓ શારીરિક અબ્રહ્મચર્યના જેટલોજ ઘસારો લાગે છે.

વિકારજનક નાટકો જોવાં, તેવાં પુસ્તકો વાંચવા ઇત્યાદિ સર્વ પ્રસંગો અબ્રહ્મચર્યના પ્રાવેશિક માર્ગો છે, અને તેથી પ્રત્યેક વિદ્યાર્થીઓએ એ પ્રસંગોથી સર્વદા અને સર્વથા દૂરજ રહેવું યોગ્ય છે.

ઘાતકી વિચારના હરકતથી જે વિદ્યાર્થીનું મગજ હારતું નથી તેજ વિદ્યાર્થી વિશુદ્ધ બ્રહ્મચર્ય પાળી શકે છે અને તેજ વિદ્યાર્થી વિદ્યાભ્યાસમાં સંપૂર્ણ રીતે પાર પડી શકે છે. આમ હોવાથી વિદ્યાર્થી અવસ્થામાં અને બને તેટલા લાંબા સમય સુધી શુદ્ધ બ્રહ્મચર્ય ત્રિકરણ યોગે પાળવા અને પળાવવા માટે સર્વ પ્રસંગોને ખાસ ભલામણ કરીએ છીએ.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# શ્રી નવકાર મંત્રના માહાત્મ્યોપરિ
# કળાવતીની કથા.

( અનુવાદક—કસ્તુરી નંદલાલ વનેચંદ, ઘોરાજી. )

જંબુદ્વીપના ભરતક્ષેત્રને વિષે વસંતપુર નામે એક નગર હતું. ત્યાં કળાવતી નામે એક જૈન ધર્મપર આસ્થા રાખનારી ગુણિકા રહેતી હતી. સ્રીની ચોસઠ કળામાં તે પ્રવીણ હતી. યુવાવસ્થાને પામેલી હોવાથી પોતાના રૂપરંગને લીધે તે ઘણી પ્રખ્યાત હતી. મોટા મોટા લોકો તેની સાથે સ્નેહ કરવાને તરફડીયાં મારતા હતા, તોપણ કળાવતી તેઓને ગણકારતી ન હતી; કારણ કે તેની પાસે પૈસા પુષ્કળ હતા, અને વધારે પૈસા મેળવવાનો તેને લોભ નહોતો. વળી વેશ્યાના કુળમાં જન્મેલી છતાં તેનું વર્તન ગ્રહસ્થની સાધારણ સ્રીઓ કરતાં વધારે શુદ્ધ હતું. વેશ્યા જાતિનો સ્વભાવ પૈસાને વશ થવાનો હોય છે તેવી આ કળાવતી નહોતી, તેથી ઘણાઓ તેની અવગણના કરતા પણ તે કોઈની દરકાર કરતી નહી. તેને તેજ નગરના ચંડપિંગળ નામના એક પ્રખ્યાત ચોર સાથે સ્નેહ બંધાયો હતો. આ ચંડપિંગળ જો કે ચોરીનો ધંધો કરતો હતો તોપણ તેનામાં કેટલાક ઉંચા ગુણો હતા, તેથી કળાવતી તેના તરફ પતિભાવ રાખતી અને જેમ કોઇ પરિણીત સ્રીપુરૂષો પરસ્પર શુદ્ધ પ્રેમ રાખી વર્તે તેમ તેઓ વર્તતા હતા. કેટલાક લોકોએ ચંડપિંગળનો સંબંધ છોડી દઇ કોઇ સારા રાજા અથવા શાહુકાર સાથે સંબંધ જોડવા કળાવતીને કહ્યું હતું પણ તેણે કોઇનું કહેલું માન્યું નહોતું; તેથી તે સઘળાઓ કળાવતીની ઇર્ષ્યા કરતા હતા.

એક વખત ચંડપિંગળે તે નગરના જીતશત્રુ રાજાના દરબારમાં જઈને રાજભંડાર તોડ્યો અને તેમાંથી કળાવતીને પહેરવા માટે સર્વ આભૂષણોમાં શોભતો ને મુલ્યવડે શ્રેષ્ઠ એવો એક હાર લીધો. તે હાર લાવીને તેણે કળાવતીને આપ્યો. રાજાએ એ હાર ખોળવાની ઘણી તજવીજ કરી પણ પત્તો લાગ્યો નહીં. એક વખત પર્વણીનો દિવસ આવ્યો ત્યારે નગરની સર્વ સ્રીઓ નાના પ્રકારના આભૂષણો પહેરી નગરની બહાર ક્રીડા કરવા નીકળી, તેની સાથે આ કળાવતી પણ પેલો હાર પહેરીને પોતાના રૂપથી કામદેવની સ્રી રતીને પણ જીતતી હોય તેવી બની નગર બહાર નીકળી. ઇર્ષ્યાખોર લોકોએ આ હાર જોયો, એટલે તુરતજ રાજાને જાણ કરી. રાજાએ પોતાના માણસો મારફત તપાસ કરાવી તો માલુમ પડ્યું કે 'તે હાર તેનો છે અને કળાવતી ચંડપિંગળ નામના ચોરની સાથે રહે છે.' તે ઉપરથી તેણે ચંડપિંગળનું ઘર ઘેરી લઇ તેને પકડી મંગાવ્યો અને શૂળીએ ચડાવી દેવાનો હુકમ કર્યો.

રાજાના માણસો ચંડપિંગળને લઇને શૂળીએ ચઢાવવા ચાલ્યા. આ વખતે ઢંઢેરો પીટનારે ડાંડી પીટીને લોકોને સંભળાવવા માંડ્યું કે—" અરે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નગરવાસીઓ ! આ ચંદનહારની ચોરી કરનાર ચંડપિંગળ ચોરને શૂળીએ ચડાવવા માટે લઈ જવામાં આવે છે. જે કોઇ તેના જેવું કૃત્ય કરશે તેની એના જેવી દશા થશે." આ પ્રમાણે ચંડપિંગળને લઇ જતા હતા તેવામાં એ ખબર કળાવતીને પહોંચ્યા, તેથી તે અત્યંત દીલગીર થઈ, અને અફસોસ કરવા લાગી કે—'મારા પ્રમાદથી ચંડપિંગળની આ દશા થઇ, હું તેને બીજી કોઇ રીતે મદદ કરી ઉગારવા શક્તિમાન નથી, તેથી ખચીત તેનો અંત આવવાનો જ. માટે હવે પંચપરમેષ્ઠી મંત્રનું સ્મરણ કરાવીને તેનો અંત સમય સુધારૂં.' આમ વિચાર કરીને તે બુદ્ધિશાળી ગુણિકા વધસ્થંભ તરફ ચાલી અને ચંડપિંગળ પાસે આવી પોતાના અપરાધની માફી માગવા લાગી. ચંડપિંગળ બોલ્યો કે—'માફી માગવાની બીલકુલ જરૂર નથી.' પછી કળાવતીએ ચંડપિંગળને કહ્યું કે 'આ અંત સમયે હું તમને એક અતિ ઉત્તમ અને મહા પ્રભાવિક શ્રી પંચપરમેષ્ઠી મંત્ર આપવા આવી છું, તો તમે શુદ્ધ શ્રદ્ધાથી તે ગ્રહણ કરો; તેથી તમારાં સર્વ પાપ ક્ષય થઈ જશે ને તમે સારી ગતિ પામશો. ચંડપિંગળે ઘણી ખુશીથી તે મંત્ર ગ્રહણ કર્યો. પછી ચંડપિંગળને શૂળીએ ચડાવવામાં આવ્યો, ત્યારે તે નવકારમંત્રનું સ્મરણ કરતો મરણ પામ્યો. ચંડપિંગળને શૂળીએ ચડાવ્યો એટલે કળાવતી ઘેર આવી અને નવકાર મંત્રનું સ્મરણ કરી તે ચંડપિંગળ રાજાના પુત્રરૂપે અવતરે તેવું તેણીએ ધ્યાન કર્યું.

જે દિવસે એ ચોર મરણ પામ્યો તેજ દિવસે જીતશત્રુ રાજાની રાણી ભદ્રાના ઉદરને વિષે તે પુત્રરૂપે ઉત્પન્ન થયો અને સવાનવ માસ પૂર્ણ થયે જન્મ પામ્યો. આ વધામણી સાંભળતાં રાજાએ મોટો ઉત્સવ કર્યો અને તેનું પુરંધર એવું નામ પાડયું. કળાવતી ગુણિકાએ ચોરના મરણ દિવસથી એના જન્મ પર્યંતના રાણીના ગર્ભ દિવસ ગણી મનમાં નિશ્ચય કર્યો કે ખચિત મારા સુખદુઃખનો સાથીજ જન્મ્યો છે.' એક વખત રાજપુત્ર પાસે જઇને તેણે કાનમાં પંચપરમેષ્ઠી મંત્રનું સ્મરણ કરાવ્યું, તેથી કુંવર હસ્યો. રાજમાતા ભદ્રા આ કૌતુકથી આશ્ચર્ય પામ્યા; એટલે કળાવતીએ પૂર્વનો બધો વૃત્તાંત જણાવીને કહ્યું કે 'એ શ્રી નવકાર મંત્રનો પ્રતાપ છે.' પછી રાજપુત્ર હમેશાં કળાવતીના સહવાસથી સંતોષી રહેવા લાગ્યો. રાજાએ કળાવતીને હમેશાં રાજમહેલમાં આવવા આજ્ઞા કરી. કેટલેક વર્ષે જીતશત્રુ રાજા મરણ પામ્યો. અને પુરંધર કુંવર ગાદીએ બેઠો. ત્યારે તેણે કળાવતી સાથે યથાવિધિ લગ્ન કર્યું. તે સાથે પોતાને આ રાજ્યપદવી પ્રાપ્ત થઇ તે નવકાર મંત્રનું ફળ જાણી જૈનધર્મ પણ અંગીકાર કર્યો. છેવટે પુરંધર રાજા અને કળાવતી સંસારસુખ ભોગવતાં અને શ્રી પંચપરમેષ્ઠીમંત્રનું શ્રદ્ધાપૂર્વક સ્મરણ કરતાં આયુષ્ય પૂરૂં કરીને ઉચ્ચ ગતિને પામ્યા. ઇતિ.

For Private And Personal Use Only

# સૂક્તમુક્તાવળી.

( અનુસંધાન પૃષ્ટ ૭૩ થી ).

## પરિગ્રહ અથવા દ્રવ્ય મમતા તજવા હિતોપદેશ. ૩૦

શશિ ઉદય વધે જ્યું, સિંધુ વેળા[1] ભલેરી,
ધન કરી મન સાથે, તેમ વાધે ઘણેરી;
દુરિત નરગ સેરી, તું કરે તે પરેરરી,
મમ કર અધિકેરી, પ્રીતિ એ અર્થ કેરી. ૬૩
મનુષ્ય જનમ હારે, દુઃખની કોડી ધારે,
પરિગ્રહ મમતાએ, સ્વર્ગના સૌખ્ય વારે;
અધિક ધરણી[3] લેવા, ધાતકી ખંડ કેરી,
સુભૂમ કુગતિ પામી, ચક્રીરાયે ઘણેરી. ૬૪

ભાવાર્થ:—જેમ ચંદ્રમાના ઉદય સાથે સમુદ્રની વેલ વધતી જાય છે તેમ દ્રવ્યની વૃદ્ધિ થવાની સાથે મમતાની પણ વૃદ્ધિ થતી જાય છે. એમ સમજી પાપને પેદા કરનારી અને વૃદ્ધિ કરનારી દ્રવ્ય મમતાને તું દૂર કર. અનિત્ય અને અસાર દ્રવ્યની અધિક પ્રીતિ તું ન કર, ન કર. ૧.

દ્રવ્ય મમતા વડે દુર્લભ માનવ ભવ એળે હારી જવાય છે, કોડો ગમે દુઃખ આવી પડે છે, અને સ્વર્ગનાં સુખથી બેનશીબ જ રહેવાય છે. પ્રાપ્ત છ ખંડ રાજ્યથી અસંતુષ્ટ રહેલા સુભૂમ ચક્રવર્તીએ, ધાતકી ખંડની પૃથ્વી સ્વવશ કરવા જતાં, પાપી મમતા યોગે તેના સેવક યક્ષોએ એકી સાથે ઉપેક્ષા કરવાથી, છતી ઋદ્ધિ હારી, સર્વ સાથે સમુદ્ર તળે જઇ, નીચ નરક ગતિજ સાધી–પ્રાપ્ત કરી. ૨.

જેમ અત્યંત ભારથી ભરેલું નાવ ડુબી દરીયા તળે જાય છે તેમ અતિ લોભ વશ પરિગ્રહ–મમતાથી જીવ ભવસમુદ્રમાં ડુબી જાય છે.

આ દુર્લભ મનુષ્ય જન્માદિ શુભ સામગ્રી ગમાવી દેનાર ફરી તે સામગ્રી પામી શકતા નથી. ફરી ફરી એવી સામગ્રી પામવી અતિ દુર્લભ છે, એમ સમજી સુજ્ઞજનોએ પરિણામે દુઃખદાયી દ્રવ્ય મમતાનો ત્યાગ કરી–દ્રવ્ય લોભ તજી, સુખકારી ધર્મનો જ લોભ કરવો યુક્ત છે. અનેક પ્રકારની દ્રવ્ય–સંપત્તિ લોભવશ એકઠી કરી છતી છેવટે તે છેહ દઇ જતી રહે છે અથવા તેને તજી પોતાને જવું રહેવું–જમશરણ થવું પડે છે એમ વિચારી જે ધર્મસંપત્તિ ( ગુણ સંપદા )

---

૧ પાણીની ભરતી. ૨ દૂર કર. ૩ પૃથ્વી.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



લાલચ લાગી રહે છે તેનો સંયમ કરવા શામાટે પ્રયત્ન ન કરવો? મમ્મણ શેઠની પેરે અનર્ગળ લક્ષ્મી એકઠી કર્યા છતાં કૃપણતા હોવાથી તે લક્ષ્મી સુખને માટે નહિ પણ મિથ્યા મમતાવડે દુઃખને માટેજ થાય છે. જેમ જેમ લક્ષ્મીનો લાભ વધતો જાય છે તેમ તેમ લોભ પણ વધતો જાય છે. લોભવશ જીવ અધિક લક્ષ્મી મેળવવા જીવનાં જોખમ ખેડે છે, મહા આરંભ સમારંભ વાળાં પાપવ્યાપાર કરે છે અને હાયવોય કરતાં મરીને છેવટે નરકાદિ દુર્ગતિને પામે છે. લોભાંધ જીવ નીતિ-ધર્મનો અનાદર કરીને અનીતિ-અધર્મને માર્ગે ચાલે છે અને અનેક અધમ કાર્ય કરી આ લોકમાં અપવાદ અને પરલોકમાં પરમાધામીના માર ખાય છે. એમ સમજી સુજ્ઞ જનોએ એવી અધમ લોભવૃત્તિ તજી, સંતોષવૃત્તિ ધારી બંને જન્મ સુધારી લેવા યોગ્ય છે.

૩૧ સંતોષ ગુણ ધારવા—આદરવા હિતોપદેશ.

સકળ ગુણ લહાયે, વિશ્વતા[1] વશ્ય થાયે,
ભવજળધિ તરાયે, દુઃખ દૂરે પળાયે;
નિજ જનમ સુધારે, આપદા દૂર વારે,
નિત ધરમ વધારે, જેહ સંતોષ ધારે. ૬૫

સકળ સુખ તણો તે, સાર સંતોષ જાણે,
કનક રમણિ કેરી, જેહ ઇચ્છા ન આણે;
રજનિ કપિલ બાંધ્યો, સ્વર્ણની લોભતાએ,
ભ્રમર કમળ બાંધ્યો, તે અસંતોષતાએ. ૬૬

ભાવાર્થઃ—જે સુજ્ઞ જનો સંતોષ ગુણને ધારે છે તે સકળ ગુણગૌરવને પામે છે, સકળ વિશ્વવર્તી જનોને વશ કરે છે, ભવસમુદ્રને તરી શકે છે, દુઃખ માત્રને દૂર કરી શકે છે, નિજ જન્મને સુધારી શકે છે, આપદા માત્રને નિવારી શકે છે અને નિત્ય નિત્ય ધર્મની વૃદ્ધિ કરી શકે છે; સંતોષ ગુણનો મહા પ્રભાવ છે. ૧

કનક અને કામિનીના સંગની ઇચ્છા જે કરતા નથી તેજ ખરેખર સંતોષને સકળ સુખનું ધામ સમજે છે. સંતોષ ગુણ વગર કનક કામિનીની ઇચ્છા તજાતી નથી. સુવર્ણની લોલુપતાએ કપિલ બ્રાહ્મણ રાજાની પાસે મધ્ય રાત્રીએ જતાં માર્ગમાં કોટવાળના હાથમાં પકડાઇ ગયો, પછી પ્રભાતે તેને રાજા પાસે રજુ કરતાં સત્ય હકીકત કહેવાથી રાજાએ તેને છોડી દીધો અને જોઇએ તેટલું સુવર્ણ માગી લેવા જણાવ્યું. તે વિચાર કરીને માગવા ઉપર રાખી જ્યારે પોતે વિચાર કરવા

૧ આખું વિશ્વ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બેઠો ત્યારે તેની ઈચ્છા આકાશ જેવી અનંતી થતી ગઈ-ઇચ્છાનો અંતજ ન આવ્યો, તેથી છેવટે તે પ્રતિબોધ પામ્યો, એમ સમજીને કે સુખ આખર સંતોષમાં જ છે. વળી ભ્રમરા જે ફુલમાં બંધાઇ રહે છે તે પણ અસંતોષવડેજ એમ સમજી સુજ્ઞજનોએ પરસ્પૃહા-વિષયતૃષ્ણા તજી સંતોષગુણ સેવવા આદર કરવો યુક્ત છે. ૨

શાસ્ત્રકારે ઠીક જ કહ્યું છે કે ' પરસ્પૃહા મહા દુઃખરૂપ છે અને નિઃસ્પૃહતા મહા સુખરૂપ છે. ” એ વચનનું ઉંડું રહસ્ય વિચારી નિઃસ્પૃહતા આદરવી યુક્ત છે. લોભવશ નંદરાજાએ સોનાની ડુંગરીઓ કરાવી પણ તે તેના કશા કામમાં ન આવી, દેવતાએ તે અપહરી લીધી અને પોતે નાહક મમતા બાંધીને દુઃખી થયો. લોભ સર્વભક્ષક અગ્નિ સમાન છે, તે સર્વ સુખનો નાશ કરી પ્રાણીને દુઃખ માત્ર આપે છે. જેમ ઇન્ધણથી આગ તૃપ્ત થતી નથી તેમ જીવને ગમે તેટલી દ્રવ્યસંપત્તિથી સંતોષ વળતો નથી. અસંતોષી જીવ ઉન્મત્તની પેરે ગમે તેમ બકતા ફરે છે અને ગમે તેવી પાપચેષ્ટા-ક્રિયા કરે છે, આવા જીવની અંતે બૂરી ગતિ થવા પામે છે. જેમ જળવડે અગ્નિ શાન્ત થાય છે તેમ જ્ઞાન વૈરાગ્યવડે તૃષ્ણા-દાહ ઉપશમે છે અને શાન્તિ-સંતોષ પ્રગટે છે. ભૂમિ ઉપર શય્યા, ભિક્ષાવૃત્તિથી આહાર, જીર્ણપ્રાય વસ્ત્ર અને એકાંત વનવાસ છતાં નિઃસ્પૃહી સાધુ-મહાત્માને ચક્રવર્તી કરતાં પણ સંતોષગુણવડે અધિક સુખ હોય છે. તેઓ શમ-સામ્રાજ્યવડે જ ખરેખર સુખી છે; ત્યારે પરિગ્રહ-મમતાથી ભરેલા ઇન્દ્ર કે નરેન્દ્ર અસંતુષ્ટપણાવડે ઉલટા દીન-દુઃખી જ દેખાય છે. ધન ધાન્ય પુત્ર પરિવાર ઉપર કે શરીરાદિક સંયોગિક વસ્તુઓ ઉપર નાહક મમતા રાખી જીવ દુઃખી જ થાય છે એમ સમજી શાણા જનોએ સંતોષવૃત્તિ જ સેવવી યુક્ત છે. ઇતિશમ્. (સ. મુ. ક.)

# પ્રભુ પ્રાર્થના.

પ્રભુ ! પાપીનો આશ્રય કિહાં તારા વિના આ જગતમાં,
ધિક્કારતા સહુ પ્રાણીઓ તારા વિના આ જગતમાં;
તારી દયાનો છે નમુનો ક્યાં કહે તારા વિના,
ને ત્યાંજ તારૂં મહત્વ છે કે પાપીઓને તારવા
પુણ્યવંતા છે તરેલા સાહ્ય તારી પામી
જોઇએ દયાળુ દેવતા બસ સાહ્ય ત .ટ
યોગ્યતા નવ હોય તો દેજે કરી દૂર નત્ત
બાદ પડવાની નથી જો મોકલે તવ ણકાળ
ભીર અત્રેનાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# સ્ફુટ નોંધ અને ચર્ચા.

મુબઈમાં ભાયખાળા ઉપર એક સુંદર અને ભવ્ય દેરાસર શેઠ મોતીશાએ બંધાવેલ છે. આ સ્થળ બહુ રમણિક અને આકર્ષણીય છે. મુંબઈના જૈનો આ સ્થળે દર્શન કરવા ઘણી વખત જાય છે. ખાસ કરીને મોટા તહેવારોને દિવસે તો સંખ્યાબંધ જૈનો તે સ્થળે દર્શનનિમિત્તે જાય છે. કાર્તિકી ને ચૈત્રી પૂર્ણિમાને દિવસે ત્યાં શ્રી શત્રુંજયનો પટ કાઢવામાં આવે છે, અને તે વખતે આ દેરાસરે દર્શન કરવા આવનારાઓની સંખ્યા એટલી મોટી થાય છે કે ઘણા સમય સુધી રાહ જોતાં અને સ્પેશીયલ ટ્રામો તે માટે દોડાવે છે છતાં પણ ઘણી વખત ટ્રામમાં બેસવાની જગ્યા મળતી નથી. મુંબઈ જેવા અતિ પ્રવૃત્તિવાળા શહેરમાં આ સ્થળ શાંતિદાયી અને આનંદ ઉપજાવે તેવું નિવૃત્તિથી બેસવા લાયક છે. મુંબઈમાં ગટર તે એક મોટી પીડા છે, અને તેની દુર્ગંધ અસહ્ય છે. આ શાંતિદાયી દેરાસર આવી ગટરની દુર્ગંધથી દૂર રહે તેટલા માટે શેઠ મોતીશાએ આગામી બુદ્ધિ વાપરી તે સ્થળની નજીક એક મોટું ખેતર રાખેલ છે, અને ત્યાં ખેતી કરવામાં આવે છે. આ ખેતર ઉપર મુંબઈના કલેકટરની–મુંબઈ સરકારની નજર ખેંચાણી છે, અને તે સ્થળ હાલ તેઓએ પોતાના કબજામાં લીધેલ છે. ત્યાં ગરીબોને રહેવા માટે મકાનો બાંધવાનો સરકારે ઇરાદો દેખાડ્યો છે, પણ તેવી રીતના મકાનો બંધાતાં દેરાસરની કેટલી આશાતના વધે–અશાંતિ ઉત્પન્ન થાય તેની સરકારને માહિતી અપાણી હોય તેમ જણાતું નથી. તે સ્થળે વસવા આવનારાઓ કેવી જ્ઞાતિના, કેવી વસ્તુઓ વાપરનારા હોય અને ગટર વિગેરે તો તે સ્થળે કરવાંજ પડે તેથી શેઠ મોતીશાએ જે આશયથી તે સ્થળ રાખેલ છે તે આશય જળવાય જ નહિ, આશાતના વધી જાય અને દેરાસરની શાંતિનો ભંગ થાય. મુંબઈના શ્રી સંઘે આ બાબતમાં તાકીદે વિચાર કરવાની અને સખત પ્રોટેસ્ટ ઉઠાવવાની જરૂર છે. બહારગામનાં સંઘોએ પણ તે બાબતમાં પોતાની વિરૂદ્ધતા દર્શાવવા મુંબઈ સરકાર ઉપર તારો કરવાની જરૂર છે. સખત પ્રોટેસ્ટ થતાં અને જૈનોની લાગણી દુઃખાય છે તેવી સરકારને ખાત્રી થતાં આ આશાતનાવાળા કાર્યથી સરકાર જરૂર પાછી હઠશેજ. આ બાબતમાં મુંબઈના શ્રી સંઘે અને આગેવાન મંડળોએ તાકીદે વિચાર કરી યોગ્ય પગલાં લેવાની અગત્ય છે.

* * * * *

શહેર પાલીતાણા શ્રી સિદ્ધાચળજી નજીકજ આવેલ છે અને ત્યાં ધર્મશાળાઓની ઘણી વિપુલતા છે તેથી ઘણા મુનિમહારાજાઓ અને સાધ્વીઓને ત્યાં ચોમાસું રહેવાની સુગમતા પડે છે. ઘણે દૂરથી આવેલા અને ઘણે વરસે શ્રી સિદ્ધાચળજીનાં દર્શન કરનારા સાધ્વીઓ અને મુનિમહારાજાઓને ત્યાં ચોમાસું રહેવાની

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઇચ્છા થાય અગર તબીઅત સુધારણાને કારણે ત્યાં ચોમાસું રહેવાનું બને તે તો વ્યાજબી છે, પણ ઘણી સાધ્વીઓ અને મુનિમહારાજાઓ વારંવાર ઘણાં ચોમાસાં ત્યાં કરે તે અમારી દૃષ્ટિએ વ્યાજબી જણાતું નથી. કાઠીયાવાડ ને ગુજરાતમાં વિહાર કરવાનાં ક્ષેત્રોની એટલી વિપુલતા છે અને ઉપદેશ આપી સુધારણા કરવાની એટલે સ્થળે જરૂર છે કે ઘણા મુનિમહારાજા કે સાધ્વીઓએ પાલીતાણા ક્ષેત્રમાંજ ચોમાસું કરવા રહેવું તે વ્યાજબી દેખાતું નથી. જ્યારે ચોમાસું કરવાવાળા ગૃહસ્થો ત્યાં સારી સંખ્યામાં હોય ત્યારે તો ઘણા સાધુ-સાધ્વીઓને આહારાદિકની પ્રતિકૂળતા આવતી નથી, પણ ગૃહસ્થોની સંખ્યા થોડી હોય, અને સાધુ સાધ્વીઓની સંખ્યા વિશેષ હોય ત્યારે ઉકાળેલ પાણી અને શુદ્ધ આહાર માટે કેવી મુશ્કેલી પડે છે અને શુદ્ધ આહાર કેવી રીતનો મળે છે તે તે સ્થળે રહેનારા સાધુમહાત્માઓ કે સાધ્વીજીઓ જેઓને હમેશાં વહોરવા જવાનું હોય છે તેઓ સારી રીતે જાણે છે. ચોમાસા સિવાયના કાળમાં યાત્રાનિમિત્તે અમુક દિવસો સુધી પાલીતાણામાં રહેવું તે તો વ્યાજબી છે, પણ ચોમાસાના લાંબા કાળમાં અન્ય જરૂર હોય તેવાં સ્થળોમાં મુનિમહાત્માઓની તંગી રહે અને પાલીતાણા જેવા સ્થળમાં મોટી સંખ્યામાં નિવાસ કરવામાં આવે તે અમને વ્યાજબી જણાતું નથી. તેથી મુનિમહારાજાઓ અને સાધ્વીઓને અમારી નમ્ર વિનંતિ છે કે એકાદ ચોમાસું પાલીતાણામાં શ્રી સિદ્ધગિરિ સન્મુખ ભલે તેઓ રહે, પણ પછીના ચોમાસામાં સિદ્ધગિરિ સન્મુખ રહેવા ઇચ્છનારાઓ માટે પણ ઘણાં સ્થળો છે, તો તેવાં ઉપદેશ લાયક સ્થળોમાં વિહાર કરી ચોમાસું રહી તેમનો ઉપદેશપ્રવાહ અન્ય અન્ય સ્થળે વહેવરાવશે તો ભવિષ્યમાં જૈનકોમને ઘણો ફાયદો થશે.

* * * * *

ભાવનગરમાં દુષ્કાળ નિમિત્તે કેટલીક અનુકરણીય પ્રવૃત્તિઓ થઇ છે. અત્રેના ગૃહસ્થો તરફથી એક મોટું ફંડ તે નિમિત્તે કરવામાં આવ્યું છે, અને તે ફંડમાંથી મોટા પ્રમાણમાં ઢોરોને સાચવવા કેમ્પ ખોલવામાં આવ્યો છે, સસ્તે ભાવે ઘાસ તથા અનાજ પૂરૂં પાડવામાં આવ્યું છે અને દરેક જ્ઞાતિના સહાયની જરૂરીઆતવાળા માણસોને રોકડ રકમ આપીને પણ સહાય કરવામાં આવી છે. ભાવનગરના ઉદાર નરેશે આ ફંડની શરૂઆત થઇ ત્યારથીજ જણાવ્યું હતું કે તળ ભાવનગરમાં અગર ભાવનગર રાજ્યના મહાલોમાં મહાજન તરફથી જે ફંડ એકઠું કરવામાં આવશે, તેટલીજ રકમ રાજ્ય તરફથી દુષ્કાળનાં કાર્યો માટે આપવામાં આવશે. તળ ભાવનગરમાં પચાશ હજાર લગભગનું દુષ્કાળ નિમિત્ત ફંડ થતાં અને તેટલીજ રકમ નામદાર મહારાજા સાહેબ તરફથી મળતાં દુષ્કાળ સંકટ નિવારણનું કાર્ય બહુ મોટા પાયા ઉપર ચલાવવામાં આવ્યું છે. અત્રેનાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મુસલમાન્ વિદ્યાર્થીઓને પણ તે ફંડમાં સહાય કરવાની ઇચ્છા થતાં ત્રણ વખત ગેધેરીંગ-નાટ્યપ્રયોગો કરીને તે ફંડમાં સારો ફાળો આપવામાં આવ્યો છે. આ ત્રણ પ્રયોગોમાં એક હરેક જ્ઞાતિના વિદ્યાર્થીઓ તરફથી, બીજો નાગર જીમખાનાદ્વારા નાગર વિદ્યાર્થીઓ તરફથી અને ત્રીજો પ્રયોગ જૈન યુવકમંડળ દ્વારા જૈન વિદ્યાર્થીઓ તરફથી કરવામાં આવ્યાં છે. આવા નાટ્યપ્રયોગોથી બહુ ફાયદો થાય છે. બાળકોની રસવૃત્તિ ન્હાનપણથી ઉચ્ચ દશામાં પ્રવર્તે છે, તેઓ કળા ( Arts ) જાણતાં શીખે છે, તેમની સ્મરણશક્તિ ખીલે છે, તેઓમાં નિડરતા વધે છે, બંધુતાભાવની વૃદ્ધિ થાય છે, અને હરીફાઇથી પોતાને વધારે સારા કેવી રીતે કહેવરાવાય તેનું જ્ઞાન પ્રાપ્ત થાય છે. વળી અન્ય નાટ્યપ્રયોગોમાં શૃંગારનેજ વિશેષ પોષવામાં આવે છે, અશ્લિલ પ્રયોગો પણ સ્ટેજ ઉપર થાય છે, ત્યારે આ પ્રયોગો તો જુદે જુદે સ્થળેથી ઉત્તમ ચુંટણી કરીને લીધેલા હોવાથી ઉચ્ચ ગુણોની વૃદ્ધિ કરનારાજ થાય છે. જૈન યુવક મંડળ તરફથી જે પ્રયોગો બે વખત અત્રેની પ્રજા સમક્ષ મૂકવામાં આવ્યા હતા તેની ચુંટણી બહુ અચ્છી રીતે કરવામાં આવી હતી, તેમાં દેશભક્તિ, ચીલગાલેકોનો જુલમ, દુષ્કાળમાં મદદની જરૂરીઆત, પ્રાચીન–અર્વાચીન ભારતમાં તફાવત, પાપનું પ્રાયશ્ચિત્ત, કોઇ કોઇ સ્થળે ન્યાતોની ગીર્દીઓમાં ભજવાતા હાસ્યજનક દેખાવો, કુસંપની કુહાડ વિગેરે બાબતો સ્વદેશભક્તિ અને ધાર્મિક વૃત્તિને પોષે તેવા ગાયનો સહિત બતાવવામાં આવી હતી. માનપાનના ભુખ્યા ગૃહસ્થો માનપત્ર લેવાને કેવા આતુર હોય છે, અને ગમે તેવા ગુણો ધરાવનારા ગૃહસ્થોને માનપત્ર આપનારા પણ કેટલા તૈયાર હોય છે તે બાબતનો બહુ સુંદર ચિતાર શેઠ અગ્રથાલાલ પુલાણીને માનપત્ર આપવાના હાસ્યજનક દશ્યમાં દેખાડવામાં આવ્યો હતો. સમુચ્ચયે જૈન યુવક મંડળદ્વારા થયેલ નાટ્યપ્રયોગોના બંને ખેલોમાં જૈન વિદ્યાર્થીઓએ જે ઉત્સાહ, જુસ્સો, નાટ્યકુશળતા વિગેરે દેખાડ્યું છે તે ખરેખર પ્રશંસા કરવા લાયક છે. આવા પ્રયોગો જૈન વિદ્યાર્થીઓ તરફથી પ્રાયઃ પ્રતિવર્ષે અત્રે કરવામાં આવે છે. ઉન્હાળાની રજાનો આ સદુપયોગ છે. કેળવણી અને દુષ્કાળનાં લાભાર્થે થયેલાં આ નાટ્યપ્રયોગો માટે જૈન યુવક મંડળનાં સેક્રેટરી અને મેમ્બરોને અમે ધન્યવાદ આપીએ છીએ, અને જૈન વિદ્યાર્થીઓમાં આવો રસ વિશેષ ઉદ્દીપ્ત થાય, તેઓ વિશેષ નિડર થાય અને લોકોપયોગી કાર્ય કરતાં શીખે તેવી વૃત્તિ તેઓમાં ઉદ્ભવે તે માટે તેઓ પ્રતિવર્ષ આવો પ્રયત્ન કરશે એવી આશા રાખીએ છીએ.

* * * * *

પંડિત બેચરદાસે જૈન સમાજ સમક્ષ દેવદ્રવ્યને લગતા પોતાના વિચારો રજુ કરીને જબરો ખળભળાટ ઉત્પન્ન કર્યો છે. તેમના ભાષણની સમાલોચના એક

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જુદા લેખકદ્વારા આ અંકમાં પ્રગટ કરવામાં આવી છે. દેવદ્રવ્યનો વિષય એટલો ગંભીર છે અને પંડિત બેચરદાસે જણાવેલા વિચારો એટલા ઉગ્ર તથા સત્યાસત્ય મિશ્રિત છે કે કોઈ પણ વિચારકનું ચિત્ત આ વિષયમાં બે ઘડી ડામાડોળ બને તો તે તદ્દન સ્વાભાવિક છે. શાન્તિથી વિચારતાં જૈન સમાજમાં પંડિત બેચરદાસે જબરો ' બૉંબ પ્રક્ષેપ ' કીધો છે. તમની સાહસિકતાને માટે તેમને ખરેખર ધન્યવાદ ઘટે છે, તેમની સત્ય પ્રગટન પ્રિયતા ખરેખર સ્તુતિપાત્ર છે; પણ શાસ્ત્રો તેમજ આગમોને પોતાના વિચારોને અનુકૂળ કરી દેવાની તથા માની લેવાની તેમની વૃત્તિ કોઇ પણ રીતે આદરણીય કે માનનીય નથી.

* * * *

તેમના વિચારોને આગમનો મોટો આધાર છે એમ તેમનું કહેવું છે. હવે આગમોમાં દેવદ્રવ્ય સંબંધી ક્યાં ક્યાં ઉલ્લેખ છે અને આગમ પ્રણેતાઓના દેવદ્રવ્ય સંબંધી શા શા ખ્યાલો છે તેની સવિશેષ પર્યાલોચના હવે પછીના અંકોમાં કરવામાં આવશે; પણ અહિં સામાન્ય બુદ્ધિથી પણ દેવદ્રવ્ય સંબંધી પંડિત બેચરદાસના કેટલાક વિચારો સ્વીકારી શકાય તેવા નથી તે આપણે જોઇએ. તેમને ' દેવદ્રવ્ય ' શબ્દજ વિચિત્ર લાગે છે. તેઓ દલીલ કરે છે કે ' દેવ–વીતરાગ દેવને વળી દ્રવ્ય કેવું ? ' સમાસવાળા શબ્દોનો અર્થ મરજીમાં આવે તેમ કરીએ તો અર્થનો અનર્થ થઈ જાય. દેવદ્રવ્યનો અર્થ ' દેવનું દ્રવ્ય ' એમ કરવાનો નથી પણ ' દેવવિષયક દ્રવ્ય એટલે કે દેવપૂજા વિષયક દ્રવ્ય ' એમ સમજવાનો છે. આવા લોક પ્રચલિત શબ્દોમાં લોકોએ તે શબ્દનો અર્થ કરવામાં જે સંકેત કર્યો હોય તેજ સ્વીકારવો જોઇએ. જો દેવદ્રવ્ય શબ્દ તેમને કઢંગો લાગતો હોય તો ' જિનમંદિર ' શબ્દ પણ તેમના દૃષ્ટિબિન્દુએ એટલોજ કઢણ લાગવો જોઈએ, કારણ કે સંસારને પેલે પાર ગયેલા જિનને વળી મંદિર કેમ હોઇ શકે ?

* * * *

પં. બેચરદાસની એક દલીલ એવી છે કે દેવદ્રવ્યનો આગમમાં ઉલ્લેખ નથી, તેથી દેવદ્રવ્ય ' હંબગ ' છે. ધારો કે આગમમાં ઉલ્લેખ ન હોય પણ તેથી દેવદ્રવ્ય અર્થશૂન્ય કે ઉદ્દેશશૂન્ય કેમ બને તે સમજાતું નથી. દેવદ્રવ્યની ઉત્પત્તિ મૂર્તિપૂજા અને જિનમંદિરોની સાથેજ થયેલી છે. જ્યારે લોકો દેવમંદિરનો મોટા પ્રમાણમાં લાભ લેવા માંડે ત્યારે દેવમંદિરના નિભાવ અર્થે દ્રવ્યસંચય કરવો પડે તે સ્વાભાવિક છે. આ દ્રવ્ય તે દેવદ્રવ્ય છે. અહિં પ્રશ્ન એટલોજ રહે છે કે પં. બેચરદાસ મૂર્તિપૂજા સ્વીકારે છે કે નહિ ? જો તેઓ મૂર્તિપૂજા સ્વીકારતા હોય અને જો તેઓ લોકો લાભ લઈ શકે તેવાં મંદિરો સ્વીકારતા હોય તો દેવદ્રવ્ય તેમણે સ્વીકારવુંજ જોઇએ.

* * * * *

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તેઓની એક દલીલ એવી છે કે ' દેવદ્રવ્ય સામાજિક દ્રવ્ય છે તેથી નિશાળો, બોર્ડીંગો, દવાખાના આદિ સામાજિક ઉપયોગિતાવાળાં ખાતાંઓ ખોલવામાં તે દ્રવ્યનો ઉપયોગ થવો જોઈએ. ' જો સામાજિક દ્રવ્ય એટલે ' સમાજની માલીકીનું દ્રવ્ય ' એમ અર્થ થતો હોય તો દેવદ્રવ્યને સામાજિક દ્રવ્ય તરીકે સ્વીકારવામાં અમને જરાય વાંધો નથી; પણ દેવદ્રવ્યને સામાજિક દ્રવ્ય ગણીને તે દ્રવ્યને ગમે તે દિશાએ વાપરવાની આપણને છુટ છે તે વિચાર સામે અમને જબરો વાંધો છે. જે દ્રવ્ય જે આશયથી આપણને મળ્યું હોય તે દ્રવ્ય આશયની પરિપૂર્તિ અર્થેજ વાપરવું આપણને ઘટે છે. તે આશય સિદ્ધ થવો અશક્ય હોય તો વાત જુદી છે પણ દેવદ્રવ્યનો આશય દેવપૂજાનો ઉત્કર્ષ કરવો અને દેવપૂજાની સગવડતા તથા સાધનો વધારવા તે છે; અને તે આશયની પરિપૂર્તિ કદિ અશક્ય કે અસંભવિત નથી; તેથી આ નિમિત્તે પ્રાપ્ત થયેલ દેવદ્રવ્ય અન્ય દિશાએ ખેંચી જવાનો વિચાર કરવો તે અમને કોઈ પણ રીતે ન્યાયસંગત કે બુદ્ધિસંગત લાગતું નથી. કોઇએ પાંજરાપોળમાં અમુક પૈસા આપ્યા હોય અને તે પૈસાનું જિનમંદિર બંધાવીએ, અનાથ દુઃખ નિવારણ નિમિત્તે પૈસા આપ્યા હોય અને તેનો કોલેજમાં ભણતા વિદ્યાર્થીઓને સ્કોલરશીપ આપવામાં ઉપયોગ કરીએ તો તે જેટલું કઢંગું તેમજ અયુક્ત છે તેટલોજ અયુક્ત દેવદ્રવ્યનો અન્ય દિશામાં વ્યય કરવાનો વિચાર છે.

* * * * *

આ રીતે દેવદ્રવ્ય સંબંધી લોકરૂઢ માન્યતાઓ બુદ્ધિથી સપ્રમાણ હોવા છતાં સમાજમાં આવા વિચારો કેમ અવકાશ પામતા જાય છે તેનું બારીકીથી નિરીક્ષણ કરી ભવિષ્યનો વિચાર કરવાની ખાસ જરૂર છે. અન્ય ક્ષેત્રોની ઉપેક્ષાએ દેવદ્રવ્યને આપી દેવામાં આવેલી અતિશય મહત્તા, આપણા મંદિરોમાં કેટલીક વૈષ્ણવીય આભૂષણ તથા સુશોભન પદ્ધતિનો પ્રચાર, કેટલેક ઠેકાણે મંદિરોનાં ગંજાવર ખાતાંઓ અને તેમાં જોવામાં આવતી ગેરવ્યવસ્થા, આ સાથે અન્ય પક્ષે નવીન ભાવનાઓનો વિકાસ, અને લોકહિતની બીજી અનેક બાબતોમાં દ્રવ્યની અતિશય તંગી– આવાં અનેક કારણોથી દેવદ્રવ્ય સંબંધી વર્તમાન વિચારોનો જન્મ છે એમ અમારૂં માનવું છે, અને તેથી જો અપેક્ષાપાત્ર ક્ષેત્રોને આગળ વધારવામાં નહિ આવે, આપણા મંદિરોમાં થયેલા કેટલાક અતિરેકોથી પાછા હઠી, સાદાઈ, સુઘડતા તથા શાન્તિનું સામ્રાજ્ય સ્થાપવામાં નહિ આવે અને દેશ તેમજ કાળબળ જોતાં આપણી કેટલીક પદ્ધતિઓમાં જે ફેરફારો કરવાની ખાસ જરૂર છે તે નહિ કરવામાં આવે તો પરિણામ બહુ ચિન્તાજનક તથા ભયસૂચક આવશે એમ અમને લાગે છે. નવીન વિચારોમાં સ્વચ્છન્દતા વિશેષ હોય છે તે સત્ય છે પણ તેમાં ભાવીસૂચન પણ હોય છે. જેની કોઇપણ સાધુ કે શ્રાવક વિચારકે ઉપેક્ષા કરવી ઘટતી નથી.

* * * * *

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કેટલાએક ગૃહસ્થો તરફથી અમને પૂછવામાં આવે છે કે—" પં૦ બેચરદાસને સંઘબહાર મૂકવાની હીલચાલ ચાલે છે તે શું સત્ય છે?" આવી કોઇ પણ હીલચાલ ચાલતી હોય તેવું હજુ સુધી અમારી જાણમાં આવેલ નથી. વળી આવી કોઇ પણ હીલચાલ ચલાવવી તે પણ વ્યાજબી હોય તેમ અમને લાગતું નથી. અમુક કોઇ પણ વ્યક્તિ અમુક વિષય ઉપર પોતાના સ્વતંત્ર વિચારો જાહેર રીતે દર્શાવે, તેથી આપણા મતથી તે વિચારો વિરૂદ્ધ હોય તેટલા માટે તેને સંઘબહાર કરવાનો વિચાર કરવો તે અપ્રસ્તુત અને હાલના વખતને પણ પ્રતિકૂળ છે. આ સ્વતંત્રતાથી વિચાર કરવાનો જમાનો છે. સમય સમયનું કાર્ય કરે છે. પાશ્ચિમાત્ય વિચારો યુવાનોના મગજને ભમાવે છે, અને કોઇની મુખવાણી પ્રમાણ કરે તે કરતાં જમાનાને યોગ્ય શૈલીથી જે કોઇ પણ બાબત ચર્ચાઇને નિર્ણીત થાય તે કબુલ થાય તેવો જમાનો છે. જુની શૈલીથી વિચારનારા મુનિમહાત્માઓ અને વૃદ્ધ શ્રાવકોને આવી ચર્ચામાં નવાઇ લાગે તેમાં અજાયબ થવા જેવું નથી, પણ આ જમાનામાં ચર્ચા વગરજ કોઇનાં પણ વચનો પ્રમાણીભુત થાય તેવું નથી. તીર્થંકર પ્રણીત, ધુરંધર આચાર્યો પ્રણીત, તથા આગમપ્રણીત બાબતો સ્વીકારવાની કોઇ પણ ના પાડે તેમ નથી. તેવી ના પાડનારની સ્વતઃજ કિંમત થઇ જાય તેમ છે, પણ કોઇ પણ બાબત ઉપર સ્વતંત્ર વિચારો દર્શાવનારને પ્રમાણોથી સાબીત કરી આપવું, તેને સમજાવવા તે જ્ઞાની મહાત્માઓનું કામ છે. સ્વતંત્રતાના વિચારો ફેલાવનારા આ જમાનામાં 'સંઘબહાર'ની શિક્ષા કરવાનો વિચાર કરવો તેમાં પણ શોભા નથી. દેશ, કાળ, ભાવ સર્વ વિચારી વર્તન કરવાથી જ મોટાની મોટાઈ અને વડીલોનું ભૂષણ સચવાઇ રહે તેમ છે. બાકી 'દેવદ્રવ્ય'ના સંબંધમાં દરેક આચાર્યોએ, મુનિ–મહારાજાઓએ, તથા વિદ્વાન શ્રાવકોએ ઉહાપોહ કરવાની–તેના ઉપર વિચારો દર્શાવવાની, ચર્ચા ચલાવવાની અને પ્રાંતે નિર્ણય કરવાની ખાસ જરૂર છે. છતી શક્તિએ આવી બાબતની ઉપેક્ષા કરનાર અને પોતાના વિચારો દર્શાવી આવી ઉપયોગી અને શાસનને ચળાયમાન કરે તેવી બાબતોમાં રસ નહિ લેનાર સજ્જનો શાસનહિતની પોતાની ફરજમાંથી ચુકે છે એમ કહ્યા વિના ચાલતું નથી.

* * * * *

મુંબઇ ખાતે સ્થપાયેલ **શ્રીમહાવીર જૈન વિદ્યાલય** આપણી જૈનકોમને માટે બહુજ ઉપયોગી સંસ્થા છે. તેની અંદર સારી સંખ્યામાં જૈન બોર્ડરો નિવાસ કરીને વિદ્યાભ્યાસ આગળ ચલાવે છે. તેમની શ્રદ્ધા દૃઢ રાખવા માટે જિનપૂજાની તે મકાનમાંજ ગોઠવણ કરી આપવામાં આવી છે. બોધમાં વૃદ્ધિ થવા માટે **શાસ્ત્રી વ્રજલાલજી** બહુ સારો પ્રયાસ લે છે. ધાર્મિક અભ્યાસ કરાવવા માટે તેમનેજ નિયુક્ત કરવામાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આવેલ છે. તેમની અભ્યાસ કરાવવાની પદ્ધતિ બહુ પ્રશંસાપાત્ર છે. મુંબઈ જનારા ધાર્મિક વિષયમાં ચુસ્ત વિચારવાળા બંધુઓએ આ વિદ્યાલયની અવશ્ય ભેટ લેવા યોગ્ય છે. ત્યાં પ્રાથમિક અભ્યાસમાં તત્ત્વાર્થાધિગમ રાખેલ છે અને ઉપરના અભ્યાસમાં આનંદઘનજીની ચોવીશી રાખેલ છે. કોમન કલાસમાં જ્ઞાનસાર ઉપર વિવેચન કરીને સમજાવવામાં આવે છે દરેક વિદ્યાર્થી સંસ્કૃતના અભ્યાસી હોય છે. સેકન્ડ લેંગ્વેજ તરીકે તેમણે ફરજીયાત સંસ્કૃત લેવું પડે છે.

આ વિદ્યાલયમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓની ધાર્મિક વિષય સંબંધી હાલમાં પરીક્ષા લેવરાવવામાં આવી છે. તેમાં ૬૧ વિદ્યાર્થીઓ બેઠા હતા. પરીક્ષક ઉમેદચંદ દોલતચંદ બરોડીઆ બી. એ. હતા. પરીક્ષામાં એક સિવાય બાકીના બધા વિદ્યાર્થીઓ બહુ સારા માર્ક મેળવીને પાસ થયા છે. પરીક્ષકે પરિણામ બહુ સંતોષકારક જણાવ્યું છે. તે સઘળું શાસ્ત્રી વ્રજલાલજીને જ આભારી છે.

પરીક્ષકે વિદ્યાર્થીઓ ઇંગ્લિશમાં જવાબ આપી શકે તેટલા માટે દર અઠવાડીએ એક વાર ધાર્મિક વિષયોપર ઇંગ્લિશમાં ભાષણો કરાવવાની યોજના કરવાની ભલામણ કરી છે. આ કાર્યપરત્વે પૂરણચંદજી નાહાર તરફથી હાલમાં બહાર પડેલી પ્રાકૃત સૂક્તરત્નમાળા નામની બુક ઉપયોગી થઇ પડશે એમ અમને લાગે છે. તેની અંદર પ્રાકૃત ગાથાઓની સંસ્કૃત છાયા આપવા ઉપરાંત તેનું ઇંગ્લિશ ભાષાંતર આપેલું છે. અમે આ વિદ્યાલયની દિનપરદિન ઉન્નતિ ઇચ્છીએ છીએ.

* * * * *

વરસાદે સંતાડ્યું છે. આર્દ્રા નક્ષત્ર બેસી ગયા છતાં હજુ તેણે દર્શન આપ્યા નથી. લાખો રૂપીઆ ખર્ચી ગામોગામ કેટલેક ઠેકાણે ખોલી દયાળુ ભાઇઓએ કરેલા પ્રયાસનું ફળ શૂન્યમાં આવવા જેવી સ્થિતિ ઉપસ્થિત થઇ છે. છતે પૈસે ઘાસ મળતું નથી. પૈસા પણ વાપરી વાપરીને થાકી ગયા જેવું થયું છે, પરંતુ બુદ્ધિમાન્ અને શ્રીમાન્ મનુષ્યે હવે થોડા વખત માટે નિરાશ થવા જેવું નથી. વરસાદ થશે એ ચોક્કસ છે. તો હવે પોતપોતાનો પ્રયાસ શરૂ રાખી ઢોરવાડાઓ પાછા ન હઠતાં કરેલા પ્રયાસનું ફળ ધાર્યા પ્રમાણે સારૂં બેસે તેમ કરવાની અમારી શુદ્ધ અંતઃકરણની પ્રાર્થના છે. હવે અલ્પ સમય માટે ગભરાઇ જવાની કે હાથમાં લીધેલું કાર્ય છોડી દેવાની જરૂર નથી—તેમાં શોભા પણ નથી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## पुस्तकोंनी पहोंच.

" જૈન ધર્મપર એક મહાશયકી કૃપા " એ નામનું એક ચોપાનીયું ૪૧ પૃષ્ટનું પંડિત હંસરાજ શર્માનું તૈયાર કરેલું હાલમાં છપાઇને બહાર પડેલું છે. કિંમત ૪ આના રાખવામાં આવી છે. ભાષા હિંદી છે. ટાઇપ બાળબોધ છે આ ચોપાનીયું તે કાંઇ માસિક નથી પણ એક નાની બુક જેવું છે. આર્યસમાજના એક મગનવિહારીલાલસુહક્કિકે જૈન ધર્મ ઉપર પ્રબળ આક્ષેપ કરનાર ૧૦-૧૨ પાનાનું એક પેંફલેટ સુમારે બે વર્ષ અગાઉ બહાર પાડયું હતું. તેની અંદર તદ્દન બીનપાયાદાર હકીકત લખવામાં આવી હતી. તેનું નામ ' માંસભક્ષણકે આદિ પ્રચારક કૌન થે ? ' એવું પ્રશ્નાત્મક રાખી તેના જવાબમાં " જૈન થે " એમ લખી તે સંબંધમાં પોતાના મનમાં આવ્યું તેમ અષ્ટમપષ્ટમ લખી દીધું છે. તેની અંદર લખેલી તમામ બાબતો અથવા દલીલોને પંડિતજી હંસરાજ શર્માએ મજબુતીથી તોડીને ઉડાડી દીધી છે.

સામાન્ય જનસમાજ સમજી શકે તેમ છે કે સમસ્ત આર્ય પ્રજામાં માંસભક્ષણના સખ્ત વિરોધી અને જીવદયાના સંબંધમાં સર્વ કરતાં અધિક પ્રયાસ કરનારા જૈનીઓ છે. તેમનો ધર્મજ દયાપ્રાધાન્ય છે. જીવદયા માટે સખ્ત પ્રયાસ કરનારી એ ભાગ્યવંતી કોમ છે. તેમના શાસ્ત્રોમાં સ્થાને સ્થાને જીવહિંસાનો નિષેધ અને માંસભક્ષણનો વિરોધ તેમજ માંસભક્ષકની સ્પષ્ટ દુર્ગતિ બતાવેલી છે. નર્કગતિનું આયુષ્ય બાંધવાના ચાર કારણો પૈકી તેને એક કારણ ગણાવેલું છે. તેવા સર્વોત્કૃષ્ટ જૈન ધર્મ ઉપર આવો તદ્દન અસત્ય આરોપ મૂકવો તે લેખકની અત્યંત ધૃષ્ટતા સૂચવે છે. ઉત્તરદાતા પંડિતજીએ તેની સમાલોચના બહુ ઉંચે પ્રકારે કરી છે અને શબ્દ રચના બહુજ સારી-ઉચ્ચપ્રતિના મનુષ્યને લાયકની વાપરી છે. તે સાથે તેના તમામ લખાણને શાસ્ત્રના આધારથીજ અને તે પણ તેણે બતાવેલા આધારથીજ તોડેલ છે. આ ઉત્તરની બુક છપાવાની ખાસ આવશ્યકતા હતી. પંડિત હંસરાજ શર્માએ તે જરૂરીઆત બહુ સારી રીતે પૂરી પાડી છે તેને માટે તેમને ધન્યવાદ ઘટે છે.

---

## प्राकृत सूक्तरत्नमाळा.

પ્રગટ કર્તા—પુરેનચંદજી નહાર—કલકત્તા.

આ બુકની અંદર પ્રાકૃત અનેક સુભાષિત ગાથાઓનો સંગ્રહ કરવામાં આવ્યો છે. વિષયોનીચુંટણી સારી કરી છે. દરેક ગાથા નીચે સંસ્કૃત છાયા આપેલી છે, અને તેની નીચે ઇંગ્લીશ ટ્રાન્સલેશન ( ભાષાંતર ) આપવામાં આવેલ છે. આ પદ્ધતિની આ પહેલીજ બુક છે. કાર્ય પ્રશંસા પાત્ર છે, અનુકરણીય છે, ઇંગ્લીશના અભ્યાસીઓને ઉપયોગી છે. તેની એક નકલ અમને ભેટ તરીકે મળી છે તે આભાર સાથે સ્વીકારીએ છીએ. કિંમત આઠ આના રાખવામાં આવી છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અમારૂં પુસ્તક પ્રસિદ્ધિ ખાતું.

## (૧) તરતમાં બહાર પડશે.

૧ શ્રી ઉપદેશ પ્રાસાદ ગ્રંથ–મૂળ. વિભાગ ૨ જો. સ્તંભ ૭ થી ૧૨
૨ શ્રી સપ્તતિકા ( છઠ્ઠો કર્મગ્રંથ ) ભાષ્ય. ટીકા સહિત.
૩ શ્રી પાર્શ્વનાથ ચરિત્ર ભાષાંતર.

## (૨) હાલમાં છપાય છે.

૪ શ્રી કર્પૂર પ્રકર મોટી ટીકા યુક્ત. સંસ્કૃત માગધી કથાવાળું.
૫ શ્રી ઉપદેશ પ્રાસાદ ગ્રંથ. મૂળ. વિભાગ ૩ જો. ( સ્થંભ ૧૩ થી ૧૮ )
૬ શ્રી ઉપમિતિ ભવ પ્રપંચા કથા ભાષાંતર. ( સભા તરફથી )
૭ શ્રી મલ્લિનાથ ચરિત્ર ભાષાંતર. ( નગીનદાસ કરમચંદ )

## ( ૩ ) તરતમાં છપાવા શરૂ થશે.

૮ શ્રી ઉપદેશ સપ્તતિકા, અર્થ, વિવેચન યુક્ત. ( શ્રાવિકા )
૯ શ્રી ક્ષમાકુલક છાયા, અર્થ, વિવેચન યુક્ત. ( શ્રાવિકા )

## ( ૪ ) તૈયાર થયેલા છે ને થાય છે.

૧૦ શ્રી પરિશિષ્ટ પર્વ ભાષાંતર.
૧૧ શ્રી ઉપદેશ પ્રાસાદ ગ્રંથ-મૂળ. વિભાગ ૪ થો ( સ્થંભ ૧૯ થી ૨૪ )
૧૨ શ્રી સંબોધ સિત્તરી. મોટી ટીકાના અર્થ યુક્ત.
૧૩ શ્રી તત્ત્વામૃત ગ્રંથ મૂળ, ટીકા સહિત.
૧૪ શ્રી તત્ત્વામૃત ગ્રંથનું ભાષાંતર. વિવેચન સાથે.
૧૫ શ્રી હેમચંદ્રાચાર્ય ચરિત્ર ( સ્વતંત્ર લેખ )
૧૬ શ્રી ધન્યચરિત્ર ગદ્યબંધનું ભાષાંતર.

જ્ઞાનખાતામાં દ્રવ્યનો સદ્વ્યય કરવા ઇચ્છનારે અમને લખવું. તેની રકમના પ્રમાણમાં કામ બતાવવામાં આવશે, ઉપરના ગ્રંથો પૈકી કેટલાકમાં સહાયની અપેક્ષા છે. ( જુઓ નંબર. ૫–૧૦થી૧૬ )

## સભાની છપાવેલી બુકોની કિંમતમાં વધારો સુધારો.

| | | | |
|---|---|---|---|
| ૧ | શ્રી ત્રિ. શ. પુ. ચરિત્ર ભાષાંતર, પર્વ ૭–૮–૯ | | રૂ. ૩–૦–૦ |
| ૨ | ” પર્વ ૧૦મું. | લીસ્ટમાં રૂ ૧ાાછે તેના | રૂ. ૧-૧૨-૦ |
| ૩ | શ્રી વસ્તુપાળ ચરિત્ર ભાષાંતર. | બુકમાં રૂ ૧ા છે તેના | રૂ. ૧–૮–૦ |
| ૪ | જૈન દૃષ્ટિએ યોગ. | બુકમાં રૂ ાાા છે તેના | રૂ. ૦-૧૨-૦ |
| ૫ | પાંચ પ્રતિક્રમણ મૂળ શાસ્ત્રી | જૈનશાળામાં રૂ. ૦–૫–૦ | રૂ. ૦–૬–૦ |
| ૬ | ” ” ગુજરાતી શીલા છાપ. | જૈનશાળામાં પણ | રૂ. ૦–૮–૦ |
| ૭ | બે પ્રતિક્રમણ મૂળ. શાસ્ત્રી | જૈનશાળામાં રૂ. ૦–૨–૬ | રૂ. ૦–૩–૦ |
| ૮ | ” ” ગુજરાતી શીલા છાપ. | જૈનશાળામાં પણ | રૂ. ૦–૩–૦ |
| ૯ | પ્રતિક્રમણના હેતુ. | પ્રથમ રૂ. ૦–૬–૦ તેના | રૂ. ૦–૮–૦ |
| ૧૦ | શ્રી વિજયચંદ કેવળી ચરિત્ર ભાષાંતર. | પ્રથમ રૂ. ૦–૬–૦ તેના | રૂ. ૦–૮–૦ |
| ૧૧ | અઢાર પાપસ્થાનક ને બાર ભાવનાની સજ્ઝાય અર્થ વિવેચનયુક્ત. | રૂ. ૦–૪–૦ તેના | રૂ. ૦–૬–૦ |
| ૧૨ | અધ્યાત્મ કલ્પદ્રુમ ભાષાંતર. | રૂ. ૧–૪–૦ તેના | રૂ. ૧–૮–૦ |

For Private And Personal Use Only